**સુવિચાર**

જીવન માત્ર જીવવાનું નથી...
જીતવાનું પણ છે.
જીવન માત્ર વિતાવવાનું નથી.
વિકસાવવાનું પણ છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૨/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૦ મહા સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૦૫૬

## લાઠીથી લઈને સુરત સુધી શુભેચ્છકોમાં ખૂશીનો માહોલ

# ડાયમંડ કિંગ ગોવિંદભાઈ ધોળકીયાએ રાજયસભા માટે નામાંકન રજૂ કર્યુ

**નાના એવા ગોકુળીયા ગામ દુધાળામાં દિવાળી જેવો માહોલ જોવા મળ્યો**

**દુધાળામાં ઘરે-ઘરે લાપસીનાં આંધણ મુકાયા, મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું**

**સુરત ખાતે હીરા ઉદ્યોગકારોમાં પણ ખૂશીનો જબ્બરો માહોલ જોવા મળ્યો**

**જિલ્લાનાં હીરા સહિતનાં ઉદ્યોગને ગતિ મળશે તેવો આશાવાદ**

લીલીયા, તા. ૧૫

આજે ગાંધીનગર ખાતે ગુજરાતમાંથી રાજયસભાનાં ઉમેદવાર તરીકે ભાજપનાં રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડા, ડાયમંડ કિંગ ગોવિંદભાઈ ધોળકીયા, મયંકનાયક અને જસવંતસિંહ પરમારે ઉમેદવારીપત્રકો રજૂ કર્યા હતા. આમ તો ઉમેદવારી રજૂ કરવામાં ચારેય ઉમેદવારોનો વિજય નિશ્ચિત થઈ ગયો છે.



આ ઉમેદવાર રજૂ કરતાં સમયે રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી, ભાજપ અગ્રણી પરમીદુભભાઈ ભગત, સાંસદ નારણભાઈ કાછડીયા, અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ ભરત સુતરીયા, ધારાસભ્ય જનક તળાવીયા, ઉદ્યોગપતિ લવજી બાદશાહ,

અનુસંધાન પાના ૬ ઉપર

---

**ધો-૧૧ અને ૧૨ સાયન્સ વિદ્યાર્થીઓને થશે ફાયદો**

## ભૈવાહ : અમરેલીની પાઠક સ્કુલ અને ભાવનગરની જ્ઞાન મંજરી સ્કૂલનું જોડાણ

**મધ્યમવર્ગીય પરિવારોનાં બાળકોને સ્થાનિક કક્ષાએ લાભ મળશે**

અમરેલી, તા. ૧૫

અમરેલી પાઠક સ્કૂલ સાથે ભાવનગર જ્ઞાનમંજરી વિદ્યાપીઠનું ધોરણ ૧૧-૧૨ સાયન્સ માટે જોડાણ થયેલ છે. તેના ઓપનિંગનો કાર્યક્રમ પાઠક સ્કૂલ ખાતે આયોજિત થયો હતો. આ પ્રસંગે ભાવનગરથી જ્ઞાનમંજરી વિદ્યાપીઠ ના પ્રતિનિધિ હિરેનભાઈ ખોખાણી તથા તેમની ટીમ યસ ભાઈ ચુડાસમા, વિજયભાઈ બામણીયા, પિયુષભાઈ પંડયા તથા પાઠક સ્કૂલના સ્થાનિક સંચાલક ભાવેશભાઈ ભટ્ટ દ્વારા અપાયેલા આમંત્રણને માન આપી અમરેલી સ્વનિર્ભર શાળા સંચાલક



મંડળના પ્રમુખ હસમુખભાઈ પટેલ, આચાર્ય સંઘના પ્રમુખ સી.પી. ગોંડલીયા, અમરેલી નગર શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી, વાઈસ ચેરમેન ગોલ માધ્યમિક શિક્ષક સંઘ પ્રમુખ પરેશભાઈ રાઠોડ, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના મંત્રી

અનુસંધાન પાના ૬ ઉપર

---

**ઘરમાં મેલુ છે, તેમને જીવવા નહી દે તેવો ડર અને વ્હેમ ઉભો કરીને**

## અમરેલીનાં પતિ-પત્ની અને અન્ય ૪ વ્યકિતઓએ ભેગા મળીને રાજકોટની યુવતીનાં પરિવાર સાથે કરી છેતરપીંડી

**તાલુકા પોલીસે ગુન્હો નોંધી પાંચ આરોપીઓની અટકાયત કરી**

અમરેલી, તા. ૧૫

રાજકોટની સ્ટરલીંગ હોસ્પિટલની પાછળ આવેલ ધરમનગર વિસ્તારમાં રહેતી એક ૨૨ વર્ષિય યુવતીને અમરેલીમાં રહેતા મુકેશભાઈ ભેસાણીયા, તથા રાધિકાબેન મુકેશભાઈ ભેસાણીયા સહિત ૬ જેટલા લોકોએ ભોગ બનનાર યુવતીના ઘરમાં મેલુ છે. તે, તેમને જીવવા નહિ દે, તેવો ડર અને વ્હેમ મનમાં ઉભો કરી દઈ, યુવતીને તથા તેના મમ્મી પપ્પાને વિશ્વાસમા લઈ જુદી જુદી જગ્યાએ જુદા-જુદા સમયે



મેલુ દુર કરવાની તાંત્રીક વિધીના નામે કુલ રૂપિયા ૩,૧૩,૦૦૦ પચાવી પાડી, તેણીના પરિવાર સાથે ઠગાઈ, વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી કરી, યુવતિ સાથે શરીરસંબંધ બાંધવા માટે થઈ તેણીને ડરાવી ધમકાવી, જો તેણી શરીર સંબંધ નહિ બાંધે તો, તેના દિકરાનો જીવ જતો રહેશે, તેવી બીક બતાવી ધમકી આપી, યુવતિ સાથે તેણીની મરજી વિરૂધ્ધ આરોપીએ શરીર સંબંધ બાંધી તેમજ અન્ય આરોપીએ પણ અમરેલી, સીમરણ, સાવરકુંડલા જેવી જગ્યાએ લઈ જઈ તેણી સાથે અન્ય-૬ વ્યકિતઓએ પણ સાથે શરીર સંબંધ બાંધવા માટે આરોપી પતિ પત્નીએ ભોગ બનનાર બહેનને મજબુર કર્યાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાતા ૨ મહિલા સહિત ૫ની અટકાયત કરવામાં આવેલ છે.

આ બનાવમાં પોલીસ

અનુસંધાન પાના ૬ ઉપર

---

**સરકાર દ્વારા પડતર પ્રશ્નોનું નિરાકરણ ન કરાતા**

## બાબરા તાલુકાના પ્રાથમિક શિક્ષકોએ કાળી પટ્ટી ધારણ નારાજગી વ્યકત કરી

**શિક્ષકો દ્વારા આંદોલન આગળ વધારવાની તૈયારી**



તસ્વીર : ભરત મહેતા-કોટડાપીઠા

કોડટાપીઠા, તા. ૧૫

ગુજરાત રાજય પ્રાથમીક શિક્ષક સંઘ ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચાએ ના રજુ કરેલા આંદોલન કાર્યક્રમના ભાગરૂપે અમરેલી જીલ્લા પ્રાથમીક શીક્ષક સંઘના માર્ગદર્શન નીચે બાબરા તાલુકા પ્રાથમીક શીક્ષક સંઘ દ્વારા આજ રોજ તા. ૧૩/૦૨/૨૦૨૪નાં રોજ બાબરા તાલુકા માં તમામ પ્રાથમીક શીક્ષકોએ કાળી પટી ધારણ કરી હતી.પેન્શન યોજના માટે યાહવાન કરેલ છે. તેમજ સરકાર પાસે પડેલા પડતર પ્રશ્નો ઝડપથી ઉકેલવા માટે રજુઆત કરેલ છે. તેમ પ્રાથમીક શીક્ષક સંઘ બાબરા તાલુકા પ્રમુખ અજયભાઈ હુદડની યાદી જણાવેલ છે.

---

**અમરેલીથી બપોરે ૨ વાગે ઉપડતી બસ કૃષ્ણનગરથી થોડી કલાકો ગાયબ**

## લ્યો બોલો : અમરેલી-કૃષ્ણનગરની રૂટની બસ રાત્રિનાં સમયે ગાયબ થતાં દોડધામ

**AMTS ના ચાલક કૃષ્ણનગરથી દહેગામ બસ લઈ ગયાની ચર્ચા**

અમરેલી, તા. ૧૫

ગુજરાત રાજયની એસ.ટી. બસ સેવા દિન-પ્રતિદિન કથળી રહી છે. ખખડધજ હાલતમાં અનેક બસ દોડતી હોય, અનિયમિતતા, બસની અંદરની ગંદકી અને બસ સ્ટેન્ડની હાલત નર્કાગાર જેવી અનેક સમસ્યાઓ વચ્ચે એસ.ટી. બસ ગાયબ થયાની ચર્ચાએ જોર પકડેલ છે.

વિગત એવા પ્રકારની છે કે અમરેલીથી દરરોજ બપોરે વાયા ચિતલ, બાબરા, ઢસા થઈને કૃષ્ણનગર જતી બસ રાત્રિના સમયે કૃષ્ણનગરમાં પાર્ક કરવામાં આવતી હોય. ગઈકાલે રાત્રિના સમયે એ.એમ.ટી.એસ.નાં કોઈ ચાલક અમરેલી ડેપોની બસ લઈને દહેગામ જતાં રહેલ અને વ્હેલી સવારે ૬ વાગે ડ્રાઈવરનાં ધ્યાને બસ ન ચડતા દોડધામ શરૂ થઈ હતી. જો કે ગણતરીની મિનીટોમાં બસ હાથમાં આવી જતાં ૮ વાગે કૃષ્ણનગરથી બસ અમરેલી આવવા નીકળી હતી.

NCT CANDOR
IVF CENTER (ટેસ્ટટ્યુબ સેન્ટર)
હવે...તમારા ઘરે પણ ગુંજશે ખુશીઓની કિલકારી...
એકમાત્ર અમરેલી જીલ્લાનુ
IVF CENTER
(ટેસ્ટ ટ્યૂબ બેબી સેન્ટર)
ડો. ચેતના મુરારકર
M.B.B.S., DGO
(Laparoscopic Surgeon & IVF Specialist)
ડો. જયદેવ ધામેલીયા
MBDGO
IVF Specialist
કોણ લાભ લઈ શકે ?
મહિલા
▪ બંધ ટ્યૂબ.
▪ વારંવાર IUI માં નિષ્ફળતા.
▪ અનિયમિત માસિક.
▪ ગર્ભાશયમાં ગાંઠ હોવી (PCOD).
પુરુષ
▪ ઓછા શુક્રાણુ.
▪ શુક્રાણુઓની ઓછી ગતિશીલતા અને ખરાબ ગુણવતા.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
99253 94276 | 99789 66629

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, ફિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૦૭૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
54,690/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### પ્રિન્સિપલ જયુડી. સબ મેજીસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલી જતાં

# બાબરાનાં દરેડ ગામનાં રેશનીંગ દુકાનનાં પરવાનેદાર આરોપીનો નિર્દોષ છુટકારો

**બચાવપક્ષે એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૧૫

બાબરા મામલતદાર ઓફીસના નાયબ મામલતદાર પુરવઠાએ દરેડ ગામના રહીશ અને વ્યાજબી ભાવની દુકાનના પરવાનેદાર કિશોરભાઈ જીલુભાઈ વાળા વિરૂધ્ધ તેમની રેશનીંગની દુકાનમાંથી તેઓએ ડુપ્લીકેટ બીલો બનાવી ૩૧૬ કિલો ઘઉં તથા મોટા જથ્થામાં ખાંડ તથા ચોખાનો જથ્થો રેશનીંગ કાર્ડમાં ખોટી એન્ટ્રીઓ કરી તથા કાર્ડ ધારકના નામે ખોટા બીલો બનાવી અને રેશનીંગ કાર્ડનો ગ્રાહકોને મળતો જથ્થો તથા બી.પી.એલ. કાર્ડ ધારકોને મળતો જથ્થામાં મોટા પાયે ગેરરીતી આચરી પોતાના અંગલાભ માટે આવો જથ્થો ડુપ્લીકેટ બીલો બનાવી સગેવગે કરેલ હોવાની ફરિયાદ ગ્રામજનોમાંથી ઉભી થતા તે અંગે જે તે સમયે રેઈડ પાડીને આ કામના આરોપી દુકાનધારકને પકડેલ હોય તે અંગેનું સ્થળ પરનું રોજકામ કરી રેશનકાર્ડ ધારકોના તથા બી.પી.એલ. લાભાર્થીઓના જવાબ લીધેલ હોય અને સીઝરમેમો બનાવી સ્થળપર આગળની કાર્યવાહી હાથ ધરેલ હોય અને ત્યારબાદ તે અંગેની



ફરિયાદ આ કામે કલેકટરના જે તે સમયના આદેશ અનુસંધાને નાયબ મામલતદાર પુરવઠાએ બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી હતી.

આ કામે આરોપી કિશોરભાઈ જીલુભાઈ વાળા કે જેઓ સસ્તા અનાજની દુકાન ધરાવતા હતા તેમના વિરૂધ્ધ જે ફરિયાદ દાખલ કરવામાં આવેલ તે ગુજરાત આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ–૧૮ તથા ૨૩ તેમજ એસેન્સીઅલ કોમોડીટી એકટની કલમ–૩ તથા ૭ ની વિગતે દાખલ કરવામાં આવેલ હતી.

ત્યારબાદ આ અંગેનો કેસ ચાલી જતા સરકાર તરફે નાયબ મામલતદાર પુરવઠા તથા પુરવઠા અધિકારી તથા રોજકામ કરતી વખતે હાજર રહેલ અધિકારીઓ તથા રેઈડ વખતે હાજર રહેલ અધિકારીઓને તપાસવામાં આવેલ હતા. ત્યારબાદ આ કામે ફરિયાદ નોંધનાર પોલીસ અધિકારી તથા ચાર્જશીટ કરતા પોલીસ અધિકારીને પણ ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ હતા.

આ બાબતે ઉપરોકત કેસ બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી. એસ.સી. વાઘેલાની કોર્ટમાં ચાલી જતા ફરિયાદપક્ષ પોતાનો કેસ આ કામના આરોપી વિરૂધ્ધ સાબીત નહીં કરી શકતા આ કામના આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા. આમ આ કામે બચાવપક્ષ તરફથી રજુ થયેલ દલીલોને ધ્યાને લઈ આ કામના આરોપી કિશોરભાઈ જીલુભાઈ વાળાને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી. એસ.સી. વાઘેલા દ્વારા કરવામાં આવેલ છે.

# બગસરામાં રશ્મિનભાઈ ડોડીઆનાં લગ્નની ૫૧મી વર્ષગાંઠની ઉજવણી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૫

બગસરામાં રશ્મિનભાઈ ડોડીઆના લગ્નની ૫૧મી વર્ષગાંઠની ઉજવણી. બગસરા વાસીઓ દ્વારા મિત્રો દ્વારા કરવામાં આવી હતી. બગસરાના લોક નેતા સહકારી આગેવાન રશ્મિનભાઈ ડોડીઆ તથા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કુસુમબેન ડોડીઆ અનોખો કાર્યક્રમ નિવાસસ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં લગ્ન વિધિની જેમ ગોરદાદાએ મંત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ માળા પહેરાવી લગ્ન હોય તેવી વિધિ કરાવેલ. આ પ્રસંગે શહેરના રાજકીય સામાજિક સહકારી અને વિવિધ સમાજના આગેવાનો મિત્રો ઉપસ્થિત રહી શુભકામનાઓ પાઠવેલ. આ સાથે ગીત સંગીતનો કાર્યક્રમ યોજાયેલ હતો જેમાં સુરીલા સંગીત સાથે નવા જુના ગીતો તેમજ ઉપસ્થિત રહેલ મહાનુભાવો દ્વારા રાસ ગરબાની રમઝટ માણી હતી આમ અનોખી રીતે ૫૧ મી લગ્નજીવનની વર્ષગાંઠ ઉજવવામાં આવેલ હતી.

### મિલ્કત ખાલી કરવા બાબતે ધમકી

# અમરેલીના માણેકપરામાં રહેતી યુવતી અને તેની બહેનને ૨ ઈસમોએ ધમકી આપી

**યુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૧૫

અમરેલીના માણે કપરા શેરી નં.૧૦ માં રહેતી પુજાબેન કાંતીભાઈ મોહનભાઈ સેલાણી નામની ૩૨ વર્ષિય યુવતીના ભાઈ ભરતભાઈ અમરેલીમાં આવેલ સાવરકુંડલાવાળા ખાંચા તરીકે ઓળખાતા વિસ્તારમાં વર્ષો જુની સોપારી તથા સાબુ પાવડરની કાંતીલાલ સોપારીવાલા એન્ડ સન્સ નામની દુકાન આવેલી છે. અને તેમાં વેપાર કરતા હતા. આજથી ચાર પાંચ વર્ષ પહેલા સોપારી, સાબુ, પાવડરની દુકાનમાં ધંધા માટે ભરતભાઈને પૈસાની જરૂરીયાત રહેતી હોય, જેથી ભરતભાઈએ અમરેલી, બહારપરામાં રહેતા રહીશ ઈલ્યાશભાઈ સુલેમાનભાઈ સોલંકી પાસેથી રૂપિયા ૧,૫૦,૦૦૦ તેમજ ઈદ્રીશભાઈ ઈબ્રાહિમભાઈ સૈયદ પાસેથી રૂપિયા ૧,૦૦,૦૦૦ વ્યાજે લીધેલા અને આ બંન્ને જણાએ આ ભરતભાઈને તેમના ઘરે બોલાવી સિકયુરીટી પેટે બે–બે કોરા ચેકો ભરતભાઈ પાસેથી લીધેલ હતા. અને આ રકમનું વ્યાજ આ બંન્ને આરોપીઓ ભરતભાઈ પાસેથી પાંચ ટકા લેખે કટકે–કટકે વસુલ લેતા હતા. અને કટકે કટકે વ્યાજ સહિતની ત્રણ ગણી રકમ આ બંન્ને આરોપીઓને ચુકવી આપેલ હતી. તેમ છતા આ બંન્ને આરોપીઓ ભરતભાઈના ઘરે આવી વારંવાર વ્યાજે લીધેલ રકમની પઠાણી ઉઘરાણી કરતા હોય, અને ભરતભાઈએ આ રકમ આરોપીને ચુકવી આપ્યાનુ જણાવતા આ બંન્ને આરોપીઓએ ભરતભાઈને જણાવેલ કે આ રકમ તોવ્યાજ પેટેની હતી હજી પણ ઈલ્યાસભાઈના રૂપિયા ૪,૦૦,૦૦૦ તથા ઈદ્રીશભાઈના રૂપિયા ૮,૦૦,૦૦૦ ચુકવવાના બાકી છે. અને તે તમારે ચુકવવાના થાય છે આ રીતે આ બંન્ને આરોપીઓએ ભરતભાઈને જણાવેલ. પરંતુ આવી કોઈ રકમ આરોપીઓને અમારે કોઈ ચુકવવાની બાકી ન હોય તેમ જણાવતા આરોપીને સારૂ ન લાગતા અને ભરતભાઈ પાસેથી જે તે વખતે વ્યાજે પૈસા આપતી વખતે સિકયુરીટી પેટે લીધેલ ચેકમા ખોટી રકમો ભરી બેંકમા ચેક નાખી ચેક રીટર્નની ખોટી ફરીયાદ દાખલ કરેલ જે કેસ કોર્ટમા ચાલી જતા અને કોર્ટે ભરતભાઈને ચેક રીટર્ન કેસમા એક વર્ષથી સજા સંભળાવેલ હતી. અને હાલ આ ભરતભાઈ સજા તળે હાલ રાજકોટ જેલમાં હોય, ત્યારે ફરિયાડી પુજાબેન કાંતીભાઈ સેલાણીના માતા પિતા ન હોય તેમજ તેણીની આર્થિક પરિસ્થિતી નબળી હોય અને આ બંન્ને આરોપીઓ તેણી પાસે અવાર – નવાર રૂબરૂમાં આવી તેણીને તથા તેણીની બહેનને ધાક ધમકી આપી તેણીના ભાઈ ભરતભાઈને આપેલ પૈસાની મુદ્દલ તેમજ વ્યાજની પઠાણી ઉઘરાણી કરી અને મિલ્કત ખાલી કરી દેવાની તેમજ મિલ્કત ખાલી નહિ કરો તો તમને બન્ને બહેનોને જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપેલ છે. તેવી ફરિયાદ પુજાબેન કાંતીભાઈ સેલાણીએ સીટી પોલીસમાં નોંધાવી છે.

### ભાજપ અગ્રણી રાજુભાઈ મિલનની આગેવાનીમાં

# અમરેલીનાં વોર્ડ–૧માં ભાજપ દ્વારા ગાવ ચલો અભિયાન યોજાયું

**સરકારની સિધ્ધિઓથી શહેરીજનોને વાકેફ કરાયા**

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં ભાજપ દ્વારા ગાવ ચલો અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જેમાં ભાજપનાં અગ્રણીઓ ડોર ટુ ડોર જઈને કેન્દ્ર અને રાજય સરકારની સિધ્ધિનું વર્ણન કરી રહ્યા છે.

દરમિયાનમાં અમરેલી ભાજપનાં અગ્રણી રાજુભાઈ મિલનની આગેવાનીમાં નકવીબાપુ સહિતે વોર્ડ–૧નાં બુથને ૧૮૨/૧૮૩નાં મતદારોને ઘરે જઈને સરકારની સિધ્ધિ વર્ણવી હતી.



# બાબરામાં વેલનાથ પ્રગતિ મંડળનાં પ્રમુખ તરીકે મહેશભાઈ પંચાસરાની વરણી





બાબરા, તા. ૧૫

આજરોજ વેલનાથ પ્રગતિ મંડળની બેઠક મળી હતી. હાલના પ્રમુખની સમય મર્યાદા પૂરી થતાં વેલનાથ પ્રગતિ મંડળ ની બેઠક કરવામાં આવી હતી. જેમાં સર્વનામ તે પ્રમુખની વરણી કરવામાં આવી હતી તો પ્રમુખ તરીકે મહેશભાઈ પંચાસરાની વરણી કરવામાં આવી હતી આ તકે ઠાકોર સમાજના અગ્રણી અને વેલનાથ પ્રગતિ મંડળના સભ્યો હાજર રહ્યા હતા. સુરેશભાઈ ધાકડા, મુકેશભાઈ પીપળવા, ખોડલભાઈ મકવાણા, દિનેશભાઈ ડાભી, ભાવેશભાઈ ઝંઝવાડીયા, મનસુખભાઈ વરસડા, રાહુલ જાસલિયા, અરવિંદભાઈ મકવાણા, દિલીપ ચૌહાણ, પ્રકાશ ડાભી, સતીશ પીપળવા, અશ્વિન અઘેરા, આકાશ કાનપરા, દિનેશ મોવડીયા શેઠના અગ્રણીઓ અને મંડળના સભ્યો હાજર રહ્યા હતા.

''અમરેલી એકસપ્રેસ''

અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### જાગૃત નાગરિકે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી

# દામનગર : ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓનાં શિક્ષણાર્થે એસ.ટી. સેવામાં વધારો કરો

**ભણે ગુજરાત સુત્રને સાર્થક કરવુ જરૂરી**

દામનગર, તા. ૧૫

ગુજરાત સરકારનો અભિગમ છે કે ગામડાના દીકરા–દીકરીઓ ભણી–ગણીને સમાજના ઉત્થાન માટે આગળ આવે,પરંતુ જો ગામડાના લોકો અને અપ – ડાઉન કરતા વિદ્યાર્થીઓને એસ.ટી.બસનો લાભ મળતો ન હોય તો પછી ખાનગી વાહનોનો સહારો લેવો પડે તે સૌ કોઈ જાણે છે.

ગારિયાધાર તાલુકાના ભમરિયા અને માંડવી તેમજ લાઠી તાલુકાના ભટવદર અને રાભડા ગામના લોકોને દામનગર આવવા માટે એક પણ એસ.ટી. બસનો લાભ મળતો નથી.આ ચારેય ગામના ૩૫ થી વધુ વિદ્યાર્થીઓ દામનગર અભ્યાસ માટે કોઈપણ વાહનમાં બેસીને અપ – ડાઉન જીવના જોખમે આવે છે.આ વિષયને



લઈને વાહન વ્યવહાર મંત્રી,નાયબ મુખ્ય દંડક અને ભાવનગર અને અમરેલીના વિભાગીય નિયામક વિદ્યાર્થીઓ માટે સ્કૂલના સમયે બસ શરૂ કરવા રજુઆત કરી છે. સરકાર નવી બસ ખરીદે એમાં કોઈને વાંધો ન હોય પણ જો ગામડાના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે એસ.ટી.બસ મળતી ન હોય તો કરોડો રૂપિયાનું બજેટ શું કામનું..!!?

### શ્રી કૃષ્ણ ગૌશાળા દ્વારા


# સાવરકુંડલા : 30 વર્ષથી બીમાર અંધ અને અપંગ અક્ષત ગૌવંશની અનેરી સેવા

**દોશી પરિવારે રૂપિયા ૫ લાખની રકમ અર્પણ કરી**

**(પ્રતાપ ખુમાણ, સાવરકુંડલા દ્વારા)**

સાવરકુંડલા, તા. ૧૫

આ સંસ્થાના પ્રમુખ રાજુભાઈ બોરીસાગર અને સાથી મિત્રોએ, ગત દિવસોમાં અમેરિકાથી પધારેલ સાવરકુંડલાના વતની એવા જસવંતભાઈ રતિલાલભાઈ દોશી કે જેઓ સાવરકુંડલા શહેરની વિવિધ જાહેર ક્ષેત્રની સેવાકીય સંસ્થા સાથે નિષ્ઠા પૂર્વક જોડાયેલ સ્વર્ગસ્થ ત્રંબકભાઈ રતિલાલભાઈ રાયચંદભાઈ દોશીના લઘુબંધુ થાય છે. અને ઘણા વર્ષોથી યુ.એસ.એ વસ્યા છે. તેઓ હાલ થોડા દિવસો પહેલા સાવરકુંડલાની મુલાકાતે આવેલ હોવાની જાણ થતા, રૂબરૂ મુલાકાત લઈ



શ્રી કૃષ્ણ ગૌશાળામાં લાઈટ બીલ ભરવામાં ગૌ સદનની સારી એવી રકમ ખર્ચાય જતી હોવાની માહિતી આપી, એક સોલાર પ્લાન્ટની જરૂરિયાત વિષે જણાવતા દોશી પરિવાર તરફથી કુલ રૂા. ૫,૦૦,૦૦૦ જેવી માતબર રકમ સ્વર્ગસ્થ કલ્પનાબેન જસવંતરાય રતિલાલ દોશી તથા પુત્ર અર્પિતભાઈ જે. દોશીના નામે શ્રી કૃષ્ણગૌશાળા દેવળ ા ગેટમાં સોલાર ઉર્જાના પ્લાન્ટ લગાડવા માટે આપેલ. આ દાન મેળવવામાં સંસ્થાના ભદ્રેશભાઈ ટી. દોશી તથા કાજલબેન ભદ્રેશભાઈ દોશી તથા હિતેનભાઈ ટી. દોશી તથા રસ્મીબેન હિતેનભાઈ દોશી તથા જયોતિબેન કનૈયાલાલ દોશીનો સહયોગ મળેલ.

### ગૌસેવાની પ્રેરણાદાયી કાર્યવાહી નિહાળીને

# અમરેલીની પાંજરાપોળ ગૌશાળાને અમેરિકા સ્થિત દાતા દ્વારા આર્થિક સહયોગ

**ડિસ્ટ્રીકટ ચેમ્બરના પ્રમુખ ચતુરભાઈ સાથે જોડાયા**

અમરેલી, તા.૧૫

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બરઓફ કોમર્સના પ્રમુખ ચતુરભાઈ પટેલનાં મહેમાન બનેલ અમેરિકા સ્થિત વેવાઈ મધુભાઈ પટોળીયાએ અમરેલીની પાંજરાપોળ, ગૌ શાળાની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

તેઓએ ગૌ શાળામાં ચાલતી ગૌ સેવાથી પ્રભાવિત થઈને રૂપિયા ૩૧ હજારની આર્થિક મદદ કરીને ગૌ શાળાનાં સંચાલક



દિલીપભાઈ પરિખને શુભકામનાઓ પાઠવી હતી.

# ચલાલામાં ''માં વાત્સલ્ય'' પ્રસૃતિ ગૃહ ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં હસ્તે ખુલ્લુ મુકાયું



ચલાલા પંથકની બહેનોને પ્રસુતીની પીડાની સારવાર માટે બહાર દોડવું ના પડે અને અહી ચલાલા ખાતે જ સારી સારવાર મળી રહે તેવા શુભ હેતુ .સાથે ડો. દ્રષ્ટીબેન જેઠવા અને ડો. અંકિત સંઘવની સંચાલિત વાત્સલ્ય પ્રસુતી ગૃહ હોસ્પિટલનો ધારી–બગસરા વિસ્તારનાં ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા શુભારંભ કરાયો હતો. આ વાત્સલ્ય હોસ્પિટલનો શુભારંભ થવાથી ચલાલા પંથકની માતાઓ/બહેનોને પ્રસુતીની પીડા માટે જિલ્લા લેવલે તાત્કાલિક જવું નહી પડે અને ચલાલા બેઠા જ નિયમિત સારી સારવાર મળી રહે છે–જેથી દર્દી પરિવારનો ટાઈમ અને ખર્ચ બંન્નેને રાહત મળશે.

## મહુવા–જેતપુર નેશનલ હાઈવેને ચાર માર્ગીય બનાવવા માટે

# અમરેલી, સાવરકુંડલા પંથકમાં જમીન સંપાદન કામગીરીને લઈને રજૂઆત

### ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટીશને પત્ર પાઠવીને આરટીઆઈ એકટીવીસ્ટે જાહેરહિતની અરજી કરી

### જમીન સંપાદનની કામગીરીમાં સાંસદ, મહેસુલી અધિકારીઓની ભૂમિકા શંકાસ્પદ હોવાનો કર્યો આક્ષેપ

### રાતોરાત થયેલ જમીન ખરીદી અને બાદમાં બિનખેતીની થયેલ કામગીરીની તટસ્થ તપાસનો આદેશ કરવા માંગ

### સમગ્ર પ્રકરણને લઈને રાજકીય અને વહીવટી તંત્રમાં અનેક ચર્ચાઓ શરૂ હોય હાઈકોર્ટમાં રજૂઆત થતાં ચકચાર મચી

અમરેલી, તા. ૧૫

અમરેલીનાં આરટીઆઈ એકટીવીસ્ટ નાથાલાલ સુખડીયાએ ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટીશને જાહેર હિતમાં અરજી પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાંથી પસાર થતા મંજુર થયેલ મહુવા જેતપુર નેશનલ હાઈવે ૩૫૧ ને ૪ માર્ગીય પહોળો કરવા જેના કામે કિમી ૨૭ થી ૧૫૪ સુધીમાં અઆવતા મહુવા, સાવર કુંડલા, ધારી, અમરેલી, બગસરા, વડીયા તાલુકાની જમીન સંપાદિત કરવાના કામે ભારત સરકારના તા. ૧૦/૧૦/૨૦૨૦ ના રાજપત્રથી પ્રાંત કલેકટર અમરેલીને જમીન સંપાદન અધિકારીને સક્ષમ ઓથોરીટી તરીકે નિમણૂંક કરવામાં આવેલ. જેમાં પ્રથમ નેશનલ હાઈવે એકટ ૧૯૫૬ ની કલમ ૩(એ) હેઠળ તા. ૧૯/૧/૨૦૨૧ ના રોજ ૨૩ ગામોની પ્રથમ જમીન સંપાદન કરવા પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ ત્યારબાદ ઉકત કાયદાની કલમ ૩ (ડી) હેઠળ તા. ૧૩/૧/૨૦૨૨ અને તા. ૧૭/૧/૨૦૨૨ ના રોજ કુલ ૧૮ ગામોની જમીન સંપાદન કરવા આખરસ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ તા. ૨૮/૩/૨૦૨૩ ના પણજાહેરનામું પ્રસિધ્ધ આ કામે કરવામાં આવેલ જે બાબતાની ક્રમશ પ્રોગેસ તેમજ આગળ કાર્યવાહી માટે સંપાદન અધિકારી નેશનલ હાઈવે ઓથોરીટીના અધીકારીએ તેમજ જનપ્રતિનિતિ સાંસદ વિગેરેઓની કલેકટર અમરેલી અધ્યક્ષતામાં મિટીંગો મળતી રહેલ અને રોડ એલાઈમેન્ટ ચેઈન્જ વિગેરે માંગણીઓ ધ્યાને લેવામાં આવતી હતી અને આ ભારત સરકારની રાષ્ટ્રીય ધોરીમાર્ગ યોજનાની ગોપનીયતા જાળવવી પણ અત્યંત જરૂરી હોય છે કારણકે આમા રાષ્ટ્રીય નાણાનું વળતર તરીકે જમીન સંપાદન પેટે ચુકવણું કરવાનું હોવાથી અત્યંત ગોપનીયતા હોવી જરૂરી હતી. આ રોડના કામે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં અન્ય આઠ અપેક્ષીતોની હાજરીમાં તા. ૨૭/૫/૨૦૨૩ ના ૧૨.૩૦ પી.એમ.ના સમયે બેઠક મળેલ. જેમાં ચરખડીયા, ઓળીયા જેવા ગામોના રોડ એલાઈમેન્ટ ચેઈન્જ બાબતેની સાંસદની માંગણી માન્ય રાખવામાં આવેલ હતી. ત્યારબાદ સાંસદની જમીન મોજે ચરખડીયાની સર્વે નંબર ૩૩૨ ખાતા નં. ૧૬૪ ક્ષેત્રફળ ૯–૧૩૩.૦૦ ચો.મી. પૈકી ૫૦૦૦ ચો.મી. બિનખેતી કરેલ છે. જેની નોંધ માત્ર ૧૭ દિવસમાં મંજુર કરેલ અને તા. ૧૬/૧૧/૨૦૨૩ ના નોંધ પાડવામાં આવેલ છે. તેમજ મોજે સાવરકુંડલા સર્વે નંબર ૧૫૦/ પૈકી ૨ ખાતા નંબર ૮૨૪ ક્ષેત્રફળ ૧૯.૨૪ ચો.મી પૈકી ૮.૦૯૪ ચો.મી બીનખેતી તા. ૧૮/૭/૨૦૨૩ થી નોંધ પાડવામાં આવેલ માજે સાવરકુંડલાની સર્વે નંબર ૧૦૫/પૈકી ૧ કાળુભાઈ ભીખાભાઈ કાછડીયા (સાંસદના ભાઈ) ની તા. ૩૦/૬/૨૦૨૩ બીનખેતીની નોંધ મંજુર કરવામાં આવેલ છે. તેમજ અન્યની ચરખડીયાની સર્વે નંબર ૨૨૩ની જમીન તા. ૩૦/૬/૨૦૨૩ના બીનખેતી નોંધ મંજુર કરવામાં આવેલ છે. તેમજ તેના ભાઈ ચતુરભાઈ ભીખાભાઈ કાછડીયા વિગેરે મોજ ચરખડીયાની સર્વે નંબર ૩૩૦ બીનખેતી તા. ૨૭/૬/૨૦૨૩ના નોંધ પાડી બીનખેતી મંજુર કરવામાં આવેલ. આમ એક જ પરિવારની પાંચ અલગ અલગ જમીનો બીનખેતી કરવામાં આવી તેમજ તેઓના માણસ તરીકે પુંજીપતી નિવૃત એ.ટી.ડી.ઓ. હર્ષદ મધુકાંત દવેના નામથી તેમજ તપનભાઈ હર્ષદભાઈ દવે નામથી તાત્કાલીક લાપાળીયા ગામની જમીન સર્વે નંબર ૩૬૦ જૂનો સર્વે નંબર ૩૧ ક્ષેત્રફળ ૪,૨૫૨ ચો.મી. બિનખેતી તા. ૨૧/૧૦/૨૦૨૩ માજે લાપાળીયા સર્વે નંબર ૨૩૪ જુનો ૯૨/૨ ક્ષેત્રફળ ૧૪૪૫ ચો.મી. બીનખેની તા. ૨૦/૧૦/૨૦૨૩ ક્ષેત્રફળ ૫.૫૦૨ બિનખેતી તા. ૨૩/૧૦/૨૦૨૩ તેમજ હર્ષદભાઈ મધુકાંતભાઈ દવે મોજે મોટા ગોખરવાળા સર્વે નંબર ૧૧ પૈકી ૧ ક્ષેત્રફળ ૩,૫૪૧ ચો.મી. બિનખેતી તા. ૧/૯/૨૦૨૩ મોજે મોટા ગોખરવાળા સર્વે નંબર૧૦/૧ પૈકી ૪,૧૮૮ ક્ષેત્રફળ ચો.મી. જમીન બિનખેતી, તા. ૪/૯/૨૦૨૩ તેમજ ચરખડીયાની જમીનો પણ આ રોડમાં સર્વે નંબરો કપાત થાય છે. તેને પણ બીનખેતી કરવામાં આવેલ છે. આવી જ રીતે રોડ એલાર્ટમેન્ટમાં આવતા ઓળીયાના જુના હાઈવેના ગામથી બારોબાર કાઢવા માટેના પ્લાન બનાવી રોડના તમામ સર્વે નંબરોના ખેડૂતો સાથે ક્રમશ સાંસદના મળતીયાઓએ મુલાકાત કરી ખાનગી એમ.ઓ.યુ. કરી એ જમીન પણ બીનખેતી કરવામાં આવેલ છે. આવી જ રીતે ખીજડીયા નવાના ખેડુત સાથે પણ બેઠક યોજી બીનખેતી તાત્કાલીક કરાવી દેવામાં આવેલ છે. આમ આ રોડ બનાવાનો છે તેવી કલેકટર અમરેલી અને સાંસદ નારણભાઈ કાછડીયાને સંપુર્ણ માહિતી હતી તેમજ સંપાદન અધીકારી દ્વારા તા. ૮/૨/૨૦૨૨, તા. ૨૨/૩/૨૦૨૨ ના ખેડુતોને જમીન કપાત અંગેના પત્રો પાઠવી તા.૧૩/૧/૨૦૨૨ ના ભારત સરકારના ગેઝેટના ભાગ–૨ સેકશન–૩ સબ સેકશન ૨ પાના નંબર ૧ થી ૧૭ અને તા. ૧૭/૧/૨૦૨૨ ના ગેઝેટ પાના નં. ૧ થી ૨૫ ઉપર તથા દૈનિક સમાચાર પત્રની તા. ૫/૨/૨૦૨૨ ની આવૃતિમાં અને અંગ્રેજી દૈનિક ઈન્ડીયન એકસ્પ્રેસ પરની તા. ૫/૨/૨૦૨૫૨ની આવૃતિ અને તા. ૬/૨/૨૦૨૨ ના આવૃતિમાં સમાચારમાં આ રોડ અંગેની જાહેર પ્રસિધ્ધ નંબર ભારત સરકારના જાહેરનામા નં. એચ.ઓ. ૨૧૬૪ (ઈ) તા. ૧૯/૧/૨૦૨૧ અનુસાર અમરેલી–જેતપુર હાઈવેને ચાર માર્ગી કરવામાં સંપાદીત થાય છે. તેવા પત્રો સક્ષમ અધિકારી જમીન સંપાદન એન.એચ. ૩૫૧ અને સબ ડીવીઝન મેજી. અમરેલી દ્વારા ખેડુતોને જાણ કરવામાં આવે જેથી કલેકટરથી લઈને જવાબદાર તમામ અને આ હાઈવે બનવાની સંપુર્ણ જાણકારી હતી અને આ લોકોએ પોતાના માલેતદારો અને મળતીયાઓએ તેમજ અધિકારીના–મેળાપીપણાથી બીજુ જાહેરનામુ તા. ૨૨/૧૧/૨૦૨૩ ના બહાર પડે તે પૂર્વે તેના નક્કી થયેલ એમ.ઓ.યુ. વાળા અરજદારો પાસે ઓન લાઈન અરજી કરાવી આ સમય મર્યાદામાં બીનખેતી મંજુર કરાવી લેવામાં આવેલ તેમજ નવા ખીજડીયા, લાપાળીયા, મોટા ગોખરવાળા, ઓળીયાના એકલ દોકલ રીતે બીનખેતી કરવા મુકેલ અરજીઓ દફતરે કરી દેવામાં આવેલી. જેથી ઈરાદા પૂર્વક રાષ્ટ્રીય નાણાનું ઉંચુ વળતર મેળવવા અને સરકાર નાણાનું નુકસાન પહોંચાડવા આ આયોજન પુર્વક ષડયંત્ર ગોઠવવામાં આવ્યુ હોય. તેમ આ સમયગાળા દરમ્યાન રાત્રીના ૯–૦૦, ૧૦–૦૦ વાગ્યા સુધી કલેકટર ઓફીસ તેના મળતીયા ખેડુતોને બોલાવી બીનખેતી કામે કામગીરી કરવામાં આવી. આમ સાંસદે પોતે સાંસદ તરીકે શપથગ્રહણ કરેલ હોવા છતાં અને તેના પરિવારજનોની બીનખેતી જમીન કરાવી સરકારી નાણાનો આર્થિક ફાયદો ઉઠાવવા સ્પષ્ટ પણે દેખાઈ આવે છે. આ બાબતને ગંભીરતાથી લઈ જાહેર હિતમાં સરકારને રાષ્ટ્રના નાણાનું નુકસાન પહોંચાડનાર તમામ જવાબદારો સામે જાહેરહિતની રીટ દાખલ કરવા અંતમાં માંગ કરેલ છે.

---

## ટાવરથી ડો. જીવરાજ મહેતા ચોક સુધી માર્ગ બનાવી અપાતા

# અમરેલીનાં ટાવર ચોકનાં વેપારીઓ દ્વારા પાલિકાનાં શાસકોનો આભાર માનવામાં આવ્યો

### ધારાસભ્ય, પાલિકા પ્રમુખ સહિતનો આભાર વ્યકત કર્યો

અમરેલી, તા. ૧૫

અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, મુકેશભાઈ સંઘાણીનાં માર્ગદર્શન નીચે અમરેલી નગરપાલિકાનાં પ્રમુખ બિપિનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનિષભાઈ ધરજીયા, બાંધકામ સમિતિનાં ચેરમેન સંદિપ માંગરોળીયા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા સહિતની ટીમ દ્વારા અમરેલીનાં ટાવર ચોકથી લઈ અને ડો.જીવરાજ મહેતા ચોક સુધીનાં મુખ્ય માર્ગની બન્ને સાઈડમાં પેવર બ્લોકની સુંદર કામગીરી અને સંતોષપૂર્ણ કરી આપવામાં આવતાં અમરેલી ટાવર ચોક વેપારી ટ્રસ્ટ દ્વારા તમામ આગેવાનોનો આભાર વ્યકત કરી અને વેપારી તથા આમ જનતાનાં પ્રશ્નો ત્વરીત ઉકેલો તેવી આશા વ્યકત કરવામાં આવેલ.

---

## ગુન્હો નોંધાયોને ગણતરીની કલાકોમાં

# બાબરા : ભંગારનાં ડેલામાં ચોરી કરનાર ઈસમની પોલીસે કરી અટકાયત

### આરોપી ફરીમભાઈ પઠાણ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૧૫

બાબરા પોલીસ સ્ટેશનના રાજકોટ ભાવનગર હાઈ–વે ઉપર આવેલ ભંગારના ડેલામાં રાત્રીના થયેલ ઘરફોડ ચોરીનાં અનડીટેકટ ગુન્હાને ગણતરીની કલાકોમાં ડિટેકટ કરી ચોરીમાં ગયેલ રોકડા રૂપિયા ૧૫૦૦૦/–ના મુદામાલ સાથે એક આરોપીને પકડી પાડતી બાબરા પોલીસ ટીમ.

વિગત એવા પ્રકારની છે કે બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર સી.એસ. કુગસીયાની રાહબરી હેઠળ બાબરા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા બાબરા પોસ્ટે ગુન્હામા સી.સી.ટી.વી. કેમેરા તથા હ્યુમન સોર્સની મદદથી ચોકકસ બાતમીના આધારે ઘરફોડ ચોરીમાં ગયેલ રોકડ ૧,૫૦,૦૦૦ ના મુદામાલ સાથે એક ફહીમભાઈ સાહિદભાઈ પઠાણ બાબરા પકડી પાડી અનડિટેક ગુન્હાને ડિટેકટ કરી ગણતરીની કલાકોમાં બાબરા પોલીસ ટીમ ધ્વારા સંપૂર્ણ મુદામાલ સાથે આરોપીને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ઉપકરોત કામગીરી બાબરા પો.સ્ટે.ના પો.ઈન્સ તથા પો.સબ. ઈન્સ એ.એમ. રાધનપરા તથા એ.એસ.આઈ. જયદેવભાઈ આર. હેરમા તથા હેડ કોન્સ. રાજેશભાઈ જી. રાઠોડ તથા ડી.કે. પરમાર તથા આ.બી. વાઘેલા, પો. કોન્સ. ગોકુળભાઈ એમ રાતડીયા ધ્વારા કરવામાં આવેલ છે.

---

# ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૨૬૬ જગ્યાઓ ભરવા માટે કરાઇ જાહેરાત

ગાંધીનગર, તા.૧૫

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નવી ભરતી અંગે જાહેરાત કરવામાં આવી છે. વિગતો મુજબ આ ભરતીમાં ૨૬૬ જગ્યાઓ પર પેટા હિસાબનીશ-પેટા તિજોરી અધિકારીની ભરતીની જાહેરાત કરવામાં આવી છે. પેટા હિસાબનીશની ૧૧૬ જગ્યા અને પેટા તિજોરી અધિકારીની ૧૫૦ જગ્યાઓની ભરતી કરાશે અને આજથી ૧ માર્ચ સુધી વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

---

## વન વિભાગને ખબર નથી કે સિંહો કયાં ફરી રહ્યા છે

# જાફરાબાદનાં બંદર વિસ્તારમાં સિંહો આવી ચડતા શહેરીજનો ભયભીત

### સિંહોને સુરક્ષા સ્થળોએ ખસેડવા જરૂરી

જાફરાબાદ, તા. ૧૫

જાફરાબાદમાં બંદર વિસ્તારમાં સાવજો આવી ચડતા શહેરીજનોમાં ભયનો માહોલ ઉભો થયો છે. જાફરાબાદ પંથકમાં અવારનવાર સાવજો બંદર એરિયામાં આવી ચડતા હોય પરંતુ ફોરેસ્ટ વિભાગ ગંભીરતા લેતું નથી તા. ૧૩/૩/૨૦૨૪ ના રોજ તલાવડી વિસ્તારમાં સિંહણ આવી તે સ્થાનિક લોકો દ્વારા પોતાના સીસીટીવીમાં જોતા સિંહણ લોકોના રહેણાંક વિસ્તારમાં હોય અને બાલકૃષ્ણ સોસાયટી તેમજ આજુબાજુના સોસાયટી માં સાવજો આવી ચડતા હોવાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો આજરોજ દરિયાઇ જે.ટી. હનુમાનજીના મંદિર તેમજ



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

બોટ માલિકોની કાઠીઓમાં સાવજો જોવા મળ્યા હતા. માનવ વસાહતમાં અવારનવાર સાવજો આવી ચડતા હોય છે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### પોતાની માંગોને લઈને ખેડૂતો પ્રદર્શન કરી રહ્યાં છે

# આજે ભારત બંધ, ખેડૂતો દેશભરમાં ચક્કાજામ કરશે

## બેન્કોમાં સામાન્ય દિવસની જેમ કામકાજ થશે : ભારત બંધ દરમિયાન મુખ્ય રીતે ગામડામાં દુકાન-બજાર બંધ રહેશે

નવી દિલ્હી, તા.૧૫

પોતાની વિવિધ માંગોને લઈને અન્નદાતા ફરી રસ્તા પર છે. દેશભરના ખેડૂતો દિલ્હી આવવા માટે બોર્ડર પર ભેગા થયા છે. ખેડૂતોએ આંદોલન વચ્ચે ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું આહ્વાન કર્યું છે. આ બંધ એવા સમયે થઈ રહ્યું છે, જ્યારે દેશભરના ખેડૂતો રસ્તા પર છે. સંયુક્ત કિસાન મોર્ચા (બિન-રાજકીય) એ સમાન વિચારધારાવાળા કિસાન સંગઠનો, મજૂર યુનિયનની સાથે મળી આ બંધની જાહેરાત કરી છે. ૧૬ ફેબ્રુઆરી, શુક્રવારે સંયુક્ત કિસાન મોર્ચા અને કિસાન મજૂર મોર્ચા અને મજૂર યુનિયનોએ મળીને ભારત બંધની જાહેરાત કરી છે. ભારતીય કિસાન યુનિયનના ભારત બંધને દરેક કિસાન સંગઠનો અને કેન્દ્રીય ટ્રેડ યુનિયનનું સમર્થન મળ્યું છે. ટ્રક એસોસિએશન પણ કિસાનોના સમર્થનમાં આ આંદોલનનું સમર્થન કરી રહ્યાં છે.

કિસાન આંદોલન વચ્ચે સંયુક્ત કિસાન મોર્ચાએ કહ્યું કે તેની બંધ પહેલાથી નક્કી હતું. આજે ખેડૂતોએ રેલ રોકી છે, કાલે પોતાની માંગની સાથે ભારતભરમાં ચક્કાજામ કરશે. સંયુક્ત કિસાન મોર્ચા અનુસાર ૧૬ ફેબ્રુઆરી, શુક્રવારે સવારે ૬ કલાકથી સાંજે ૪ કલાક સુધી ભારત બંધ રહેશે. તો બપોરે ૧૨ કલાકથી લઈને સાંજે ૪ કલાક સુધી દેશના મુખ્ય રસ્તાઓમાં ચક્કાજામ કરશે. ભારત બંધ દરમિયાન ગ્રામીણ ક્ષેત્રમાં ટ્રાન્સપોર્ટ, પ્રાઈવેટ ઓફિસ, ગામની દુકાનો, ખેતીવાડી સહિત મનરેગા હેઠળ કામ બંધ રહેશે. એટલું જ નહીં ગ્રામીણ વિસ્તારમાં ઔદ્યોગિક કામકાજ બંધ રાખવાની તૈયારી છે. પરંતુ જરૂરી સેવાઓ બંધ રહેશે નહીં.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પ્રમાણે ભારત બંધ દરમિયાન દેશભરમાં ૧૬ ફેબ્રુઆરીએ બેન્કો ખુલી રહેશે. બેન્કોમાં સામાન્ય દિવસની જેમ કામકાજ થશે. માનવામાં આવી રહ્યું છે કે ભારત બંધ દરમિયાન મુખ્ય રીતે ગામડામાં દુકાન-બજાર બંધ રહેશે. તો અવર-જવર પ્રભાવિત રહેશે. ગામની એપીએમસી, શાક માર્કેટ, સરકારી અને બિન-સરકારી ઓફિસ, ગ્રામીણ ઔદ્યોગિક અને સર્વિસ સેક્ટર, ખાનગી સેક્ટરને બંધ રાખવાનો આગ્રહ કરવામાં આવ્યો છે.

નોંધનીય છે કે સીબીએસઈની બોર્ડની પરીક્ષા શરૂ થઈ ગઈ છે. સ્કૂલો તરફથી સ્કૂલ બંધને લઈને કોઈ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી નથી. કિસાન આંદોલનને લઈને સીબીએસઈએ એડવાઈઝરી જાહેર કરતા બોર્ડ પરીક્ષામાં સામેલ વિદ્યાર્થીઓને ઘરેથી વહેલા નિકળવાની સલાહ આપી છે. તો વિદ્યાર્થીઓને મેટ્રો રૂટ અપનાવવાનું કર્યું છે. ભારત બંધને લઈને પરીક્ષાના કાર્યક્રમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ભારત બંધ દરમિયાન કોઈપણ જરૂરી સેવા બંધ રહેશે નહીં. એમ્બ્યુલન્સની અવરજવર, મેડિકલ સ્ટોર, સ્કૂલ-કોલેજ, બેક્રોની સેવાઓ પર અસર પડશે નહીં. કિસાન યુનિયને કહ્યું કે બંધ દરમિયાન લગ્ન, અખબાર સપ્લાય, બોર્ડ પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓ, યાત્રીકોને રોકવામાં આવશે નહીં. ઈમરજન્સી સેવાઓ માટે રસ્તાઓ ખુલા રહેશે.

### કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે રાયબરેલીના લોકોને પત્ર લખ્યો

# આરોગ્યને ધ્યાને રાખી હું ચૂંટણી નહીં લડું : સોનિયા

## મારો પરિવાર દિલ્હીમાં અધૂરો છે, તેથી રાયબરેલીમાં આવી, આપ સૌને મળ્યા બાદ મારો પરિવાર પૂરો થાય છે

નવી દિલ્હી, તા.૧૫

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ઉત્તરપ્રદેશના રાયબરેલીના લોકોને ગુરુવારે એક પત્ર લખ્યો છે. તેમણે જિલ્લાની જનતાએ આપેલા સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત તેમણે રાબરેલીની લોકસભા ચૂંટણી ન લડવાનું કારણ પણ જણાવ્યું છે. તેઓ ૨૦૦૪થી સતત રાયબરેલીની લોકસભા બેઠક પરથી જીતતા આવ્યા છે. આવું પ્રથમવાર બન્યું છે કે, તેઓ ત્યાંથી ચૂંટણી નહીં લડે. તેમણે કહ્યું કે, આરોગ્ય અને ઉંમરને ધ્યાને રાખી મેં લોકસભા ચૂંટણી ન લડવાનો નિર્ણય કર્યો છે. સોનિયા ગાંધીએ કહ્યું કે, 'મારો પરિવાર દિલ્હીમાં અધૂરો છે, તેથી રાયબરેલીમાં આવી, આપ સૌને મળ્યા બાદ મારો પરિવાર પૂરો થાય છે. આપણા સંબંધો ઘણા જ જૂના છે અને સૌભાગ્યની જેમ સાસરુ પણ મળ્યું છે. મારો રાયબરેલી સાથેનો પારિવારિક સંબંધો પણ ખૂબ મજબુત છે. આપ લોકોએ આઝાદી બાદ પ્રથમ લોકસભા ચૂંટણીમાં મારા સસરા ફિરોજ ગાંધીને અહીંથી જીતાળી દિલ્હી મોકલ્યા હતા. ત્યારબાદ તમે મારી સાસુ ઈન્દિરા ગાંધીને પણ પોતાના બનાવી દીધા. ત્યારથી અત્યાર સુધી આ સિલસિલો આગળ વધતો ગયો.' તેમણે વધુમાં કહ્યું કે, 'સાસુ અને જીવનસાથીને હંમેશા ગુમાવ્યા બાદ હું તમારી પાસે આવી હતી અને આપ લોકોએ મને અઢળક પ્રેમ આપ્યો. છેલ્લી બે ચૂંટણીમાં વિષમ પરિસ્થિતિઓ સર્જાવા છતાં તમે મારી સાથે પહાડની જેમ ઉભા રહ્યા. આ બાબતને હું ક્યારેય ભુલીશ નહીં. આજે હું જે કંઈપણ છું, તમારા કારણે છું. હું તમારા વિશ્વાસને નિભાવવા તમામ પ્રયાસો કર્યા છે.' તેમણે કહ્યું કે, 'હું આરોગ્ય અને વધતી ઉંમરના કારણે આગામી લોકસભા ચૂંટણી નહીં લડી શકું. આ નિર્ણય બાદ મને આપની સીધી સેવા કરવાની તક નહીં મળે, પરંતુ મારું મન-પ્રાણ હંમેશા તમારી સાથે રહેશે, તે નક્કી છે. હું જાણું છું કે તમે મારી અને મારા પરિવારની દરેક મુશ્કેલીમાં કાળજી રાખશો, જેમ તમે અત્યાર સુધી મારી સંભાળ રાખતા હતા.'

### ભારે વધઘટ બાદ સેન્સેક્સ-નિફ્ટીમાં વધારો

# સેન્સેક્સમાં ૨૨૭, નિફ્ટીમાં ૭૦ પોઈન્ટનો વધારો જોવા મળ્યો

## એચડીએફસી બેંકના શેરમાં નબળાઈ બાદ મ્યુચ્યુઅલ ફંડોએ ૧૪૦૦૦ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા

મુંબઈ, તા.૧૫

ગુરુવારે શેરબજારનો કારોબાર સારી નોંધ પર સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૨૨૭ પોઈન્ટ ઉછળીને ૭૨૦૫૦ પોઈન્ટના સ્તરે બંધ થયો છે, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૭૦ પોઈન્ટના વધારા સાથે ૨૧૯૧૦ પોઈન્ટના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો છે. શેરબજારની કામગીરી બાદ નિફ્ટી મિડકેપ ૧૦૦ ઈન્ડેક્સમાં એક ટકાનો વધારો નોંધાયો હતો, બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૧.૨૧ ટકા, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંકમાં પણ વધારો નોંધાયો હતો. ગુરુવારે નિફ્ટી ફાર્મા અને નિફ્ટી એફએમસીજી સૂચકાંકોમાં નબળાઈ નોંધાઈ હતી અને લાલ નિશાનમાં બંધ થયા હતા.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બીપીસીએલ, એનટીપીસી, ઓએનજીસી, પાવર ગ્રીડ, એસબીઆઈ અને કોલ ઈન્ડિયાના શેર ગુરુવારે શેરબજારના ટોપ ગેનર્સમાં હતા. શેરબજારના ટોપ લુઝર્સમાં એક્સિસ બેંક, એપોલો હોસ્પિટલ, આઈટીસી, એચયુએલ, નેસ્લે ઈન્ડિયા, બ્રિટાનિયા અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરનો સમાવેશ થાય છે.

ગુરુવારે શેરબજારના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો શેર ૬ ટકાથી વધુ વધ્યો હતો, જ્યારે ઓમ ઈન્ફ્રા અને ઉર્જા ગ્લોબલના શેર પાંચ ટકાના ઉછાળા સાથે બંધ થયા હતા.

એનએમડીસી લિમિટેડ, પંજાબ એન્ડ સિંધ બેંક, ઓએનજીસી, એચડીએફસી બેંક, હિન્દુસ્તાન ઝિંક, એશિયન પેઈન્ટ્સ, સ્ટોવ ક્રાફ્ટ, જિયો ફાઈનાન્શિયલ, એન્જિનિયર્સ ઈન્ડિયા અને ગ્લોબસ સ્પિરિટના શેરમાં વધારો થયો હતો જ્યારે એચડીએફસી લાઈફ, ટાટા સ્ટીલ, લાર્સન એન્ડ ટુબ્રો, પટેલ એન્જિનિયરિંગમાં નબળાઈ જોવા મળી હતી. , યુનિ પાર્ટ્સ, કોટક મહિન્દ્રા બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, કામધેનુ લિમિટેડ, નેસ્લે, દેવયાની અને બ્રાન્ડ કોન્સેપ્ટના શેરમાં નોંધાયેલ છે.

ગુરુવારે ગૌતમ અદાણી ગ્રૂપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી પાંચના શેર લીલા નિશાનમાં જ્યારે પાંચ લાલ નિશાનમાં બંધ થયા હતા. અદાણી પાવરે મહત્તમ રૂ. ૧.૧ની નબળાઈ નોંધાવી હતી જ્યારે અદાણી ગ્રીન એનર્જી ૨.૩૯ ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો.

મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો બીસીએલઈન્ડસ્ટ્રીઝ, ગલ્ફ ઓઈલ, સર્વોટેક પાવર, ઈરડા, ગેઈલ, પંજાબ નેશનલ બેંક અને ઈન્ડિયન ઓઈલના શેરમાં વધારો નોંધાયો હતો.બંધન બેંક, એલઆઈસી,આઈટીસી, પેટીએમઅને હજૂર મલ્ટી પ્રોજેક્ટ્સના શેર નબળા હતા. પણ બંધ.

એચડીએફસીબેંકના શેરમાં નબળાઈ બાદ મ્યુચ્યુઅલ ફંડોએ ૧૪૦૦૦ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે. જાન્યુઆરીમાં મ્યુચ્યુઅલ ફંડ્સે એચડીએફસીબેંકના રૂ. ૧૩૮૪૯ કરોડના શેર ખરીદ્યા હતા. એચડીએફસી બેંકમાં મ્યુચ્યુઅલ ફંડની ૫૬૦ યોજનાઓ છે અને આ રકમ લગભગ ૨ લાખ કરોડ રૂપિયા જેટલી છે.

### ચૂંટણી પહેલાં સરકારી કર્મચારીઓ બાંયો ચઢાવશે

# જૂની પેન્શન યોજનાની માંગ સાથે ૧૬મીએ સરકારી કર્મીઓ કાળા કપડાં પહેરશે

## ૨૩મીએ ગાંધીનગર ખાતે ધરણા, કેટલાક રાજ્યમાં નવી પેન્શન યોજનાને રદ કરીને જુની પેન્શન યોજના લાગુ કરી દેવાઈ છે

અમદાવાદ, તા.૧૫

લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ગુજરાતમાં ફરી એકવાર જુની પેન્શન થઈ ગયું છે. ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચા મોરચા હેઠળ હેઠળ અધ્યાપકો-શિક્ષકો દ્વારા ગઈકાલે કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવવામા આવી હતી અને ૧૬મીએ તમામ કર્મચારીઓ દ્વારા કાળા કપડા પહેરીને ફરજ બજાવશે. જ્યારે ૨૩મીએ ગાંધીનગર ખાતે ધરણા કરવામા આવનાર છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી ટાણે પણ ગુજરાતમાં જુની પેન્શન યોજના માટે આંદોલન શરૂ થયુ હતુ ત્યારે હવે લોકસભાની ચૂંટણી આવી રહી હોઈ ગુજરાત સરકાર માટે જુની પેન્શન યોજનાનો મુદ્દો માથાના દુખાવા સમાન બની રહ્યો છે. કારણકે ઘણા સમયથી કર્મચારીઓ ઉગ્ર માંગણી કરી રહ્યા છે અને કેટલાક રાજ્યમાં નવી પેન્શન યોજનાને રદ કરીને જુની પેન્શન યોજના લાગુ કરી દેવાઈ છે. રાજ્યની સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલોના શિક્ષકો તેમજ સરકારી ટેકનિકલ કોલેજના અધ્યાપકો સહિતના વિવિધ સરકારી કર્મચારીઓ દ્વારા જુની પેન્શન યોજનાની માંગ સાથે આંદોલન શરૂ કરવામા આવ્યુ છે. જુની પેન્શન યોજનામાં સમાવીને ફિક્સ પગારી યોજના દૂર કરવા સહિતની માંગો કરવામા આવી છે. કર્મચારીઓએ આજે કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ રજૂ કર્યો હતો અને આગામી ૨૩મીએ સંયુક્ત મોરચા હેઠળ કર્મચારીઓ ગાંધીનગર ખાતે સરકાર સામે ધરણા પર ઉતરશે.

### વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ જણાવ્યું

# રોકાણ, ટેક્નોલોજી સહિત વિવિધ ક્ષેત્રે કતાર અને ભારત સાથે કામ કરશે

## વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કતારના અમીર તમીમ બિન હમાદ અલ થાનીને ભારત આવવાનું આમંત્રણ આપ્યું

દોહા, તા.૧૫

વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ ગુરુવારે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કતારના અમીર તમીમ બિન હમાદ અલ થાનીને ભારત આવવાનું આમંત્રણ આપ્યું છે.

આ સાથે વધુમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે કતારના અમીર તમીમ બિન હમાદ અલ થાની સાથેની તેમની મુલાકાત દરમિયાન બંને નેતાઓએ વિવિધ ક્ષેત્રોમાં સહયોગને ગાઢ બનાવવાની વાત પર ચર્ચા કરી.

કતારની બે દિવસીય મુલાકાતના બીજા દિવસે દોહામાં વડાપ્રધાન મોદીનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીનીી કતારની સત્તાવાર મુલાકાતનો સારાંશ આપતાં, ક્વાત્રાએ કહ્યું, "બંને નેતાઓએ ત્યારબાદ વિગતવાર ચર્ચા કરી. ચર્ચાના વિષયોની વાત કરવામાં આવે તો વેપાર ભાગીદારી, રોકાણ સહકાર, ઊર્જા ભાગીદારી, પ્રાદેશિક સુરક્ષા મુદ્દાઓ, સાંસ્કૃતિક ક્ષેત્રો સહિત વ્યાપક દ્વિપક્ષીય સહયોગ વગેરે મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી.

જાસૂસીના આરોપમાં જેલમાં બંધ આઠ ભૂતપૂર્વ નૌકાદળના કર્મચારીઓને મુક્ત કરવામાં કતારના સમર્થન પર પ્રકાશ પાડતા, વિદેશ સચિવે કહ્યું, "વડાપ્રધાને ભારતીય સમુદાયના કલ્યાણ માટેના તેમના સમર્થન માટે મહામહિમ અમીરનો આભાર માન્યો અને આ સંદર્ભે તેમનો આભાર વ્યક્ત કર્યો.

કતારની તેમની બે દિવસીય મુલાકાત પૂર્ણ કર્યા બાદ પીએમ મોદીએ કહ્યું કે, "મારી કતારની મુલાકાતે ભારત-કતારની મિત્રતામાં નવી તાકાત ઉમેરી છે. ભારત વેપાર, રોકાણ, ટેક્નોલોજી અને સંસ્કૃતિ સાથે સંબંધિત મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે ઉત્સુક છે. હું કતારની સરકારના સત્કાર બદલ આભાર માનું છું.

### શું હવે આગામી યુદ્ધ અંતરિક્ષમાં લડાશે

# રશિયાની પરમાણુ હથિયારોને અંતરિક્ષમાં સ્થાપિત કરવા યોજના

વોશિંગ્ટન, તા.૧૫

શું હવે આગામી યુદ્ધ અંતરિક્ષમાં લડાશે અને શું ત્યાંથી પણ પરમાણુ હુમલો થવાનો ખતરો રહેશે? એક અમેરિકન ઈન્ટેલિજન્સ રિપોર્ટમાં આ દિશામાં જ ઈશારો કરાયો છે જેણે સૌની ખાસ કરીને અમેરિકાની ચિંતા વધારી દીધી છે.

અમેરિકન ઈન્ટેલિજન્સ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રશિયા પરમાણુ હથિયારોને અંતરિક્ષમાં કેવી રીતે સ્થાપિત કરવા તે અંગે પ્લાન બનાવી રહ્યું છે. એક રિપબ્લિકન ધારાસભ્યએ રશિયાની યોજના વિશે ચેતવણી ઉચ્ચારતાં કહ્યું કે તે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ખતરો બની શકે છે. સમગ્ર મામલાથી વાકેફ અધિકારીઓએ કહ્યું કે રશિયાએ હજુ સુધી અંતરિક્ષમાં કોઈ શસ્ત્રો તૈનાત કર્યા નથી. માત્ર તેના વિશે ફક્ત વિચારી જ રહ્યો છે. તેમ છતાં સુરક્ષા એજન્સીઓ માટે આ ચિંતાનો વિષય છે. જો કે હાલમાં સામાન્ય લોકોને તેનાથી કોઈ ડર નથી.

અમેરિકન એજન્સીઓનું કહેવું છે કે ભલે રશિયાની આ યોજના હજુ અસ્તિત્વમાં નથી આવી પરંતુ તે ચોક્કસપણે અમારા માટે ચિંતાનો વિષય છે. અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાન પણ ગુરુવારે આ મુદ્દે એક મહત્વપૂર્ણ બેઠક યોજવાના છે. આ દરમિયાન એક અમેરિકન સાંસદે રાષ્ટ્રપતિ જો બાઈડન પાસે માંગ કરી છે કે રશિયાના આ ખતરનાક મિશન સાથે સંબંધિત જે પણ માહિતી છે, તેને લોકો સાથે શેર કરવી જોઈએ. તેમણે કહ્યું કે આવી માહિતી શેર કરવાથી આપણે જાણી શકીશું કે કયા સ્તરનો ખતરો છે.

અમેરિકન એજન્સીઓનું કહેવું છે કે રશિયાના આ પ્રકારના ખતરનાક ઈરાદા ગાઝા અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધને જોતાં અમારી ચિંતા વધારી રહ્યા છે. એક યુદ્ધમાં તો અમેરિકાનો ખાસ મિત્ર ઈઝરાયલ સામેલ છે. આ સિવાય અમેરિકાના નેતૃત્વમાં નાટો સંગઠન પણ યુક્રેનની મદદ કરી રહ્યું છે. હાલમાં જેક સુલિવાને આ મુદ્દે કોઈ ટિપ્પણી નહોતી કરી. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી રશિયા અને અમેરિકા વચ્ચે શીત યુદ્ધ જેવી સ્થિતિ છે. જ્યારે રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો ત્યારે અમેરિકાસીધું યુદ્ધમાં ઉતર્યું ન હતું, પરંતુ તેણે યુક્રેનને ઘણી મદદ કરી હતી.

આ સિવાય ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અમેરિકા પણ ફસાઈ ગયું છે અને તેણે અરબ દેશોને મનાવવાનું છે. તાજેતરમાં વ્લાદિમીર પુતિને કટાક્ષ કરતાં કહ્યું હતું કે અમેરિકા, યુરોપિયન યુનિયન અને પશ્ચિમી દેશોને સમજાઈ ગયું હશે કે રશિયાને હરાવવું તેમના માટે શક્ય નથી.

### બોર્ડની પરીક્ષામાં મોટો ફેરફાર

# ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૧ મહિનો વહેલાં જાહેર થશે

## એપ્રિલના બીજા કે ત્રીજા અઠવાડિયામાં પરિણામ જાહેર થઈ શકે

ગાંધીનગર, તા.૧૫

આ વર્ષે બોર્ડની પરીક્ષા આપનારા લાખો વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડનું પરિણામ ૧ મહિના વહેલું જાહેર થશે. ચાલુ વર્ષે પેપર મૂલ્યાંકનમાં અનેક ફેરફારના લીધે પરિણામ વહેલા આવશે. વહેલા પરિણામથી ઉચ્ચ અભ્યાસમાં એડમિશન પ્રક્રિયા ઝડપી થશે. માર્ચ ૨૦૨૪ની પરીક્ષાનું પરિણામ અપ્રિલના બીજા કે ત્રીજા સપ્તાહમાં આપવાની બોર્ડની તૈયારી છે.

ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાના મૂલ્યાંકન કામગીરીમાં મોટો ફેરફાર કરાયો છે. આ આયોજન મુજબ હવે ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાનું પરિણામ દર વર્ષની સરખામણીએ દોઢ મહિના વહેલુ જાહેર થશે. એટલે કે તારીખ ૧૫ થી ૨૦ એપ્રિલની વચ્ચે પરિણામ આપી દેવામાં આવશે.

પરિણામ વહેલા આપવાથી ઉચ્ચ અભ્યાસમાં થતા પ્રવેશની પ્રક્રિયામાં પણ ઝડપ આવશે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા બહુ જ મહત્વની ગણવામાં આવે છે. ત્યારે આ પરીક્ષાની પ્રોસેસ બહુ જ લાંબી હોય છે. પરીક્ષાના પરિણામની પણ લાંબી રાહ જોવી પડે છે. જેથી તેની અસર તેના બાદના એડમિશન પ્રોસેસ પર થાય છે. તેથી આ પ્રોસેસ ઝડપી બનાવવા માટે બોર્ડનું પરિણામ વહેલુ આપવામાં આવશે. આ વર્ષે બોર્ડનું પરિણામ સવાથી દોઢ મહિનો વહેલુ એટલે કે ૨૦ એપ્રિલ પહેલા જાહેર થઈ જાય તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે લગભગ બે મહિના જેટલા લાંબા ગાળા બાદ પરિણામ આપવામાં આવ્યુ હતું. ત્યારે હવે નવા આયોજન મુજબ, પરીક્ષા પૂર્ણ થતાના માત્ર ૨૦ દિવસમાં પરિણામ જાહેર થઈ જશે. આ વખતે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૧ માર્ચ, ૨૦૨૪ થી શરૂ થશે. જેમાં ધોરણ ૧૦ અને ૧૨ સાયન્સની પરીક્ષા તારીખ ૨૨ માર્ચના રોજ અને ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા ૨૬ માર્ચના રોજ પૂર્ણ થશે. એ બાદ ૧૫ થી ૨૦ એપ્રિલ દરમિયાન પરિણામ જાહેર કરવામાં આવશે.

### નેશનલ ટીચર એજ્યુકેશન કાઉન્સિલનો નવો સરક્યુલર

# ઈન્ટિગ્રેટેડ B.A-B.Ed અને B.Sc-B.Ed કોર્સ વર્ષ ૨૦૨૫-૨૬થી બંધ કરાશે

## ઈન્ટિગ્રેટેડ કોર્સને બંધ કરીને કાઉન્સિલે નવી શિક્ષણ નીતિ મુજબ તૈયાર કરેલા ઈન્ટિગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામ (આઈટેપ) માટે અરજી કરવાની રહેશે

અમદાવાદ, તા.૧૫

નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન ના નવા સકર્યુલર-પબ્લિક નોટિસ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી ચાર વર્ષના ઈન્ટિગ્રેડ બીએ-બી.એડ અને બી.એસસી-બી.એડ કોર્સ બંધ કરવામા આવશે. આ કોર્સીસ માટે ૨૦૨૪-૨૫નું વર્ષ છેલ્લુ એકેડેમિક વર્ષ ગણાશે. યુનિ.-કોલેજોએ હવે આ ઈન્ટિગ્રેટેડ કોર્સને બંધ કરીને કાઉન્સિલે નવી શિક્ષણ નીતિ મુજબ તૈયાર કરેલા ઈન્ટિગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામ (આઈટેપ) માટે અરજી કરવની રહેશે. જ્યારે હાલના રેગ્યુલેર બી.એડ કોર્સ પણ ૨૦૩૦થી બંધ થશે અને ૨૦૩૦થી આ નવા ઈન્ટિગ્રેટેડ બી.એડ કોર્સ ભણાવાશે. ગુજરાતમાં હાલ સરકારી એવી ટીચર્સ યુનિ.માં હાલ ચાર વર્ષના ૧૦૦-૧૦૦ બેઠકો સાથે ઈન્ટિગ્રેટેડ બી.એ-બી.એડ અને બી.એસસી-બી.એડ ચાલે છે અને આ ઉપરાંત રાજ્યની કેટલીક પ્રાઈવેટ યુનિ.ઓમાં પણ આ ઈન્ટિગ્રેટેડ કોર્સીસ ચલાવવામા આવે છે ત્યારે ૨૦૨૫-૨૬થી આ કોર્સીસ બંધ થશે. એનસીટીઈ દ્વારા જાહેર કરાયેલી તાજેતરની પબ્લિક નોટિસ મુજબ ૨૦૨૪-૨૫નું વર્ષ આ કોર્સીસ માટે છેલ્લુ એકેડેમિક વર્ષ ગણાશે અને ૨૦૨૪-૨૫ સુધી અપાયેલા એડમિશન અંતર્ગત વિદ્યાર્થીઓ કોર્સ પુરો થશે ત્યાં સુધી ભણી શકશે. પરંતુ ૨૦૨૫-૨૬થી આ કોર્સીસમાં પ્રવેશ નહીં થઈ શકે. હાલ જે કોલેજો-યુનિ.ઓમાં આ ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ કોર્સ ચાલે છે તે કોલેજ- યુનિ.ઓએ કોર્સ બંધ કરીને કાઉન્સિલના નવા ઈન્ટિગ્રેટેડ ટીચર્સ એજ્યુકેશન પ્રોગ્રામમાં ટ્રાન્સફર થવા માટે અરજી કરવાની રહેશે. ટીચર એજ્યુકેશન કાઉન્સિલ દ્વારા નવી શિક્ષણ નીતિને અનુરૂપ નવા ક્રેડિટકરિક્યુલમ ફ્રેમવર્ક સાથે નવો ઈન્ટિગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામ તૈયાર કર્યો છે. જેમાં બી.એ,બી.કોમ અને બી.એસ સી બીએડ માટે પ્રીપ્રાયમરી માટે ફાઉન્ડેશન, ધો.૫ સુધીના સ્કૂલ લેવલના શિક્ષક માટે પ્રીપેરેટરી સ્ટેજ તથા ધો.૬ થી ૮ માટે મીડલ સ્ટેજ અને ધો.૯ થી ૧૨ માટે સેકન્ડરી સ્ટેજનો કરિક્યુલમ છે. ઈન્ટર ડિસિપ્લનરી સબ્જેક્ટ સાથે નવા ઈન્ટિગ્રેટેડ કોર્સમાં વિદ્યાર્થીઓને મેજર - માઈનોર સબ્જેકટ પણ અપાશે અને અન્ય કોર્સીસની જેમ જ ૧૬૦ ક્રેડિટ રહેશે તથા સ્કૂલ એક્સપિરિયન્સ માટે પ્રેક્ટિકલ રહેશે અને ૭મા સેમેસ્ટરમાં ૧૦ ક્રેડિટની ઈન્ટર્નશિપ તથા ૮માં સેમેસ્ટરમાં બે ક્રેડિટનું પોસ્ટ ઈન્ટર્નશિપનું રીવ્યુ-એનાલિસીસ રહેશે. કોલેજ-યુનિ જે પણ સ્ટેજ માટેના શિક્ષકોની તાલીમ આપવા માંગતા તે માટેનો કોર્સ શરૂ કરવા અરજી કરી શકશે. જ્યારે હાલ ગ્રેજ્યુએશન પછીના બે વર્ષના જે રેગ્યુલર બી.એડ કોર્સ ચાલે છે તે ૨૦૩૦ સુધી ચાલશે. બી.એડ કોલેજોએ પણ ૨૦૩૦ બાદ નવા ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ મુજબ ભણાવવાનું રહેશે અને નવા નિયમો મુજબ માત્ર બી.એડ નહીં ચલાવી શકાય તેમજ એક જ કેમ્પસની બે કોલેજો અલગ અલગ યુનિ.હેઠળ નહીં ચાલી શકે. સાયન્સ કોલેજે બી.એડ માટે એક જ યુનિ.માં રહેવુ પડશે.

### ગુજરાતને મળશે પહેલી એમ્સ

# મોદી આગામી ૧૦ દિવસમાં દેશને ૭ નવી AIIMSની ભેટ આપશે

## રેવાડીમાં ૧, ૬૫૦ કરોડના ખર્ચે AIIMS બનાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૫

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા કેન્દ્ર સરકાર સ્વાસ્થ્ય સેવાઓને લઈને મોટો નિર્ણય લેવા જઈ રહી છે. આગામી ૧૦ દિવસમાં કેન્દ્ર સરકાર દેશવાસીઓને ૭ AIIMS ભેટ આપશે. મળતી માહિતી મુજબ, વડાપ્રધાન બહુ જલ્દી ૬ એઈમ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે. તે જ સમયે, ૧૬ ફેબ્રુઆરીએ પીએમ મોદી દ્વારા રેવાડી AIIMSનો શિલાન્યાસ કરવાનો છે.

AIIMSના સ્વાસ્થ્ય માળખા માટે સરકાર દ્વારા આશરે રૂ. ૧૦,૨૦૦ કરોડની વિશાળ બજેટ ફાળવણી કરવામાં આવી છે. PM જે ૬ AIIMSનું ઉદ્‌ઘાટન કરવા જઈ રહ્યા છે તેમાં ગુજરાતમાં રાજકોટ, ભટિંડા, પંજાબમાં રાયબરેલી, પશ્ચિમ બંગાળમાં કલ્યાણી, આંધ્રપ્રદેશમાં મંગલગિરી અને જમ્મુમાં અવંતિપુરનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે હરિયાણાના રેવાડી જશે. આ દરમિયાન, તેઓ શહેરી પરિવહન, આરોગ્ય, રેલ અને પર્યટન ક્ષેત્રો સાથે સંબંધિત ૯,૭૫૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતની અનેક વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે. વડાપ્રધાન કાર્યાલય (PMO) એ ગુરુવારે એક નિવેદનમાં આ માહિતી આપી. આ મુજબ તેઓ રેવાડીમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS)નો શિલાન્યાસ કરશે અને કેટલાક રેલવે પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત પણ કરશે.

PMOએ કહ્યું કે રેવાડીમાં AIIMSનો શિલાન્યાસ સમગ્ર દેશમાં જાહેર આરોગ્ય માળખાને મજબૂત કરવાના વડા પ્રધાનના વિઝનને અનુરૂપ છે. અંદાજે ૧,૬૫૦ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવનાર AIIMS રેવાડીને રેવાડીના મજરા મસ્તિલ ભરખી ગામમાં ૨૦૩ એકર જમીન પર વિકસાવવામાં આવશે.

પીએમ મોદી ૨૦ ફેબ્રુઆરીએ જમ્મુના પ્રવાસે હશે અને તેઓ અહીં અનેક પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરશે. આ સાથે તેઓ એક રેલીને પણ સંબોધિત કરશે. જમ્મુ પહેલા પીએમ ૧૯ ફેબ્રુઆરીએ સંભલમાં કલ્કી ધામની મુલાકાત લેશે. સવારે દસ વાગ્યે કલ્કિ ધામનો શિલાન્યાસ કરશે અને પછી જમ્મુ જવા રવાના થશે.

૨૪મી ફેબ્રુઆરી શનિવારના રોજ તેઓ જામનગરમાં અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે અને ત્યારબાદ ૨૫મી ફેબ્રુઆરીને રવિવારે તેઓ બેટ દ્વારકા ખાતે સિગ્નેચર બ્રિજને જનતાને અર્પણ કરશે. આ પછી, તેઓ રાજકોટ એઈમ્સમાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે અને ઘણા વિકાસ પ્રોજેક્ટોનું શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન કરશે.

### ચૂંટણી બોન્ડ મામલે સુપ્રીમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# મોટી રકમના ડોનેશનને છુપાવવા એ ગેરબંધારણીય : ચૂંટણી બોન્ડ પર રોક

## સરકારને પૈસા ક્યાંથી મળે છે એ પણ સૌને જાણવાનો અધિકાર છે : તમામ રાજકીય પાર્ટીના ચૂંટણી બોન્ડની વિગતો જણાવવા એસબીઆઈને નિર્દેશ

નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમકોર્ટે ચૂંટણી બોન્ડ મામલે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતાં કહ્યું હતું કે મોટી રકમના ડોનેશનને છુપાવવા એ ગેરબંધારણીય છે. સરકારને પૈસા ક્યાંથી મળે છે એ પણ સૌને જાણવાનો અધિકાર છે. ચૂંટણી બોન્ડ પર અમે રોક લગાવી રહ્યા છીએ.

ચૂંટણી બોન્ડને આરટીઆઈ એક્ટનું ઉલ્લંઘન ગણાવતાં સુપ્રીમકોર્ટે એસબીઆઈને પણ આદેશ આપ્યો હતો કે તે આગામી ત્રણ અઠવાડિયામાં ચૂંટણી બોન્ડને લગતી તમમ જાણકારી જાહેર કર. તેના માટે ૬ માર્ચ સુધીનો સમય આપવામાં આવ્યો છે. એસબીઆઈએ ૨૦૧૯થી અત્યાર સુધીની તમામ જાણકારી જાહેર કરવા કહેવામાં આવ્યું છે. એસબીઆઈએ હવે દરેક બોન્ડની જાણકારી જાહેર કરવા કહી દેવામાં આવ્યું છે. આ સાથે સુપ્રીમકોર્ટે ચૂંટણીપંચને પણ ચૂંટણી બોન્ડને લગતી તમામ જાણકારીઓ તેની વેબસાઈટ પર અપડેટ કરવા કહેવામાં આવ્યું છે. એસબીઆઈને કહેવાયું છે કે તે ચૂંટણી બોન્ડની જાણકારી ૩ અઠવાડિયામાં ચૂંટણી પંચ સાથે શેર કરે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી બોન્ડને ગેરબંધારણીય અને આરટીઆઈનું ઉલ્લંઘન કરનારું જાહેર કરતાં પાંચ જજોની બેન્ચે આ ચુકાદો સંભળાવ્યો હતો.

સુપ્રીમકોર્ટની બેન્ચે કહ્યું કે જે બોન્ડ કેશ નથી થતાં તેને પાછા લઈ લેવામાં આવે. ચૂંટણીપંચને પણ ૧૩ માર્ચ સુધીનો સમય આપવામાં આવ્યો છે. આ ડેડલાઈન સુધીમાં ચૂંટણીપંચે તેની વેબસાઈટ પર ચૂંટણી બોન્ડને લગતી તમામ માહિતીઓ એસબીઆઈ પાસેથી મેળવીને અપલોડ કરવાની રહેશે. સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે લોકોને એ જાણવાનો અધિકાર છે કે રાજકીય પક્ષોને કોણે અને કેટલું ડોનેશન આપ્યું? સુપ્રીમકોર્ટનો આ ચુકાદો કેન્દ્ર સરકાર માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. જે ચૂંટણી બોન્ડ ૧૫ દિવસની વેલિડિટીના પીરિયડમાં છે પરંતુ અત્યાર સુધી રાજકીય પક્ષો દ્વારા તેને રોકડમાં વટાવાયા નથી તે બોન્ડ ખરીદારને પરત કરવામાં આવે. આ બોન્ડ ઈશ્યૂ કરનાર બેંક બોન્ડની રકમ ખરીદારને રિફંડ કરે. દરમિયાનમાં,સુપ્રીમકોર્ટે ગુરુવારે ચૂંટણી બોન્ડ યોજનાને ગેરબંધારણીય ગણાવતાં તેની કાયદેસરતાને રદ કરી દીધી. ટોચની કોર્ટે તેના ચુકાદામાં સ્વીકાર્યું કે ચૂંટણી બોન્ડની ગોપનીયતા કલમ ૧૯(૧)(એ) હેઠળ માહિતી મેળવવાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. ભારતીય સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચૂડે કહ્યું કે ચૂંટણી બોન્ડ મૌલિક અધિકારોનું ઉલ્લંઘન કરે છે અને તે બ્લેક મની પર અંકુશ લગાવવાની એકમાત્ર રીત નથી.સુપ્રીમકોર્ટે બેંકોને ચૂંટણી બોન્ડનું વેચાણ તાત્કાલિક ધોરણે બંધ કરવા આદેશ કર્યો હતો.

સુપ્રીમકોર્ટે ભારતીય સ્ટેટ બેંક (એસબીઆઈ) ને ખાસ નિર્દેશ આપ્યો કે ૫ વર્ષ પહેલાં ચૂંટણી બોન્ડની યોજના શરૂ થયા બાદથી તેણે કઈ પાર્ટીને કેટલાં બોન્ડ જારી કર્યા છે? તેની તમામ માહિતી ઉપલબ્ધ કરાવે. એસબીઆઈએ ચૂંટણી બોન્ડના માધ્યમથી રાજકીય પક્ષોને પ્રાપ્ત ડોનેશનની વિગતો ત્રણ સપ્તાહમાં ચૂંટણીપંચને આપવાની રહેશે. ટોચની ચૂંટણીપંચને પણ કહ્યું કે તે આ ચૂંટણી બોન્ડને લગતી વિગતો તેની વેબસાઈટ પર અપલોડ કરે. ઉલ્લેખનીય છે કે સીજેઆઈના નેતૃત્વ હેઠળની પાંચ જજોની બંધારણીય બેન્ચે આ કેસમાં સુનાવણી કરી ચુકાદો સંભળાવ્યો છે. અગાઉ ૨ નવેમ્બરે આ મામલે બેન્ચે ચુકાદો અનામત રાખ્યો હતો. સુપ્રીમકોર્ટની આ બંધારણીય બેન્ચમાં સીજેઆઈ ડી.વાય.ચંદ્રચૂડ ઉપરાંત, જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બી.આર.ગવઈ, જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રા પણ સામેલ હતા.

એસબીઆઈએ રાજકીય પક્ષો દ્વારા રોકડ તરીકે વટાવાયેલા ચૂંટણી બોન્ડની વિગતો પણ જાહેર કરવી પડશે. આ સાથે રોકડ તરીકે ન વટાવાયેલા ચૂંટણી બોન્ડની રકમ ખરીદારોના ખાતામાં રિફંડ કરવી પડશે. સુપ્રીમકોર્ટે કહ્યું કે ચૂંટણી બોન્ડના માધ્યમથી કોર્પોરેટ દાનદાતાઓ વિશે પણ જાણકારીનો ખુલાસો કરવામાં આવે કેમ કે કંપનીઓ દ્વારા રાજકીય પક્ષોને આપવામાં આવતું ચૂંટણી ડોનેશન સંપૂર્ણપણે લાભ ના બદલામાં લાભની સંભાવના પર આધારિત હોય છે.

### રાજકીય પક્ષોને દાન આપનારા ચેતે

# નોંધાયેલા પક્ષોને દાન આપનારા ૫૦૦૦ લોકોને ઈડીની નોટિસ

## માન્યતા નથી તેવા પક્ષો દાન એકત્રિત કરીને મની લોન્ડરિંગ અને કરચોરીની રમતમાં સામેલ હોય છે

નવી દિલ્હી, તા.૧૫

જો તમે પણ રાજકીય પક્ષોને દાન આપતા હોય અને આ ભૂલ કરી રહ્યા છે તો ચેતી જજો, કારણકે આવકવેરા વિભાગે એવા ૫ હજાર લોકોને નોટિસ પાઠવી છે જેમણે ચૂંટણી પંચમાં નોંધાયેલા રાજકીય પક્ષોને દાન આપ્યું છે. એક સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, આવકવેરા વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ દરમિયાન રાજકીય પક્ષોને દાન આપનારા વ્યક્તિગત કરદાતાઓ અને કોર્પોરેટ કરદાતાઓને નોટિસ પાઠવી છે. અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે બે નાણાકીય વર્ષોની તપાસ પછી, અત્યાર સુધીમાં માત્ર ૫ હજાર લોકોને નોટિસ પાઠવવામાં આવી છે અને હજુ પણ વધુ લોકોને નોટિસ પાઠવવાની પ્રક્રિયા ચાલી રહી છે. એવા રાજકીય પક્ષો કે જેઓ માત્ર પંચમાં નોંધાયેલા છે પરંતુ માન્યતા નથી, તેઓ માત્ર લોકો પાસેથી દાન એકત્રિત કરીને મની લોન્ડરિંગ અને કરચોરીની રમતમાં સામેલ હોય છે. આવકવેરા વિભાગે આવા પક્ષોને દાન આપનાર લોકોને આવકવેરા કાયદાની કલમ ૮૦જીજીસીહેઠળ નોટિસ પાઠવી છે.

આ ઉપરાંત અહેવાલના જણાવ્યા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં આવા પક્ષોને દાન આપનારાઓની ચકાસણી હજુ સુધી કરવામાં આવી નથી. આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કરદાતાઓએ લગભગ ૨૦ રાજકીય પક્ષોને દાન આપ્યું છે જે ફક્ત ચૂંટણી પંચમાં નોંધાયેલા છે પણ માન્ય પક્ષ નથી. આ સિવાય રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કેટલાક દાતાઓના દાન અને તેમની આવક વચ્ચે કોઈ યોગ્ય મેળ થતો નથી. આવકવેરા વિભાગના અધિકારીઓને શંકા છે કે આવા દાન માત્ર કર મુક્તિ મેળવવા માટે કરવામાં આવ્યા હતા અને દાનમાં આપેલી રકમ રોકડમાં પાછી લેવામાં આવી હતી. આ સિવાય કેટલાક કિસ્સાઓમાં, દાતાઓએ તેમની કુલ આવકના ૮૦ ટકા અજાણ્યા રાજકીય પક્ષોને દાનમાં આપ્યા હતા. નોંધનીય છે કે આવકવેરા કાયદાના નિયમો અનુસાર, ચૂંટણી પંચ દ્વારા નોંધાયેલ અને માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને દાન આપનારા કરદાતાઓ દાનની રકમ પર ૧૦૦ ટકા આવકવેરામાં છૂટનો દાવો કરી શકે છે. ઉલ્લેખનીય છે કે અપ્રમાણિત પક્ષો એવા પક્ષો છે જે ચૂંટણી પંચમાં નોંધાયેલા તો છે પરંતુ કાં તો તે પક્ષ કોઈ ચૂંટણી લડતા નથી અથવા ચૂંટણીમાં યોગ્ય મત મેળવતા નથી.

### કોંગ્રેસ છોડનારા નેતાને માગ્યું નથી મળ્યું

# અશોક ચવ્હાણને શિંદે સરકારમાં નાયબ મુખ્યમંત્રી બનવું હતું

નવી દિલ્હી, તા.૧૫

કોંગ્રેસ નેતા પૃથ્વીરાજ ચવ્હાણે બુધવારે દાવો કર્યો કે તાજેતરમાં જ પાર્ટી છોડીને ભાજપમાં સામેલ થયેલા અશોક ચવ્હાણ, મહારાષ્ટ્રની એકનાથ શિંદેના નેતૃત્વવાળી સરકારમાં નાયબ મુખ્યમંત્રીનું પદ ઈચ્છતા હતા પરંતુ ભાજપે તેમને રાજ્યસભાની ટિકિટ આપીને પ્રદેશના રાજકારણમાંથી બહાર મોકલી દીધા.

પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યુ કે ભાજપના દાવાઓના વિપરીત, કોંગ્રેસના કોઈ અન્ય ધારાસભ્ય તેમના સંપર્કમાં નથી. ભાજપ તરફથી બુધવારે જારી યાદી અનુસાર ચવ્હાણને મહારાષ્ટ્રથી રાજ્યસભાના ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. તે પહેલા તેમને લોકસભાની ટિકિટ આપવાને લઈને પણ ચર્ચાઓ હતી.

પૃથ્વીરાજ ચવ્હાણે કહ્યુ, તેમની (ભાજપ અને અશોક ચવ્હાણ) વાતચીત છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહી હતી. તેઓ નાયબ મુખ્યમંત્રી પદ અને રાજ્ય મંત્રીમંડળમાં એક મહત્વપૂર્ણ વિભાગ ઈચ્છતા હતા પરંતુ આ માંગ પર વિરોધ શરૂ થઈ ગયો. હવે તેમને રાજ્યની રાજનીતિથી બહાર મોકલી દેવાયા છે. અમે તેમને શુભકામનાઓ આપીએ છીએ. મહારાષ્ટ્રમાં વર્તમાનમાં બે નાયબ મુખ્યમંત્રી, ભાજપના દેવેન્દ્ર ફડણવીસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અજીત પવાર છે જ્યારે મુખ્યમંત્રી પદ શિવસેના પ્રમુખ એકનાથ શિંદે સંભાળી રહ્યા છે. ચવ્હાણ સિવાય કોંગ્રેસ છોડનાર મહારાષ્ટ્રના દિગ્ગજોમાં મિલિંદ દેવડાનું નામ પણ સામેલ છે. તેમને શિવસેનાએ રાજ્યસભા માટે ઉમેદવાર બનાવ્યા છે. ખાસ વાત એ છે કે અમુક જ અઠવાડિયામાં મહારાષ્ટ્રના ત્રણ મોટા નેતાઓએ કોંગ્રેસને અલવિદા કહી દીધુ છે. ચવ્હાણ અને દેવડા સિવાય આ લિસ્ટમાં રાજ્યમાં પૂર્વમાં મંત્રી રહી ચૂકેલા બાબા સિદીકીનું નામ પણ સામેલ છે.

### જીવિત ઓર્ગન દાતા બાબતે ભારત અવ્વલ

# દાતા પાસેથી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ બાબતે ભારતે યુએસને પછાડ્યું

## ભારત ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરનારા દુનિયાના ટોચના દસ દેશોમાં ત્રીજા સ્થાને પહોંચી જવા પામ્યો છે

નવી દિલ્હી, તા.૧૫

જીવિત દાતા પાસેથી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની બાબતમાં ભારતે અમેરિકા સહિત અનેક દેશોને પછાડીને ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારત ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરનારા દુનિયાના ટોચના દસ દેશોમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. એટલુ જ નહીં ૭૫ વર્ષોમાં પહેલી વખત મૃત દાતાઓ પાસેથી અંગ લઈને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં એક હજારનો આંકડો પાર કરી લીધો છે. જોકે, સરકાર ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના આ આંકડાઓથી સંતુષ્ટ નથી. નેશનલ ઓર્ગન એન્ડ ટીશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (નોટ્ટો)ના ડાયરેક્ટર ડો. અનિલ કુમારે જણાવ્યુ કે ૨૦૨૩માં ભારતીય હોસ્પિટલોએ પહેલી વખત એક વર્ષમાં ૧૬,૯૪૧ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કર્યા છે. જેમાં ૧૨,૩૪૩ કિડની, ૪,૧૬૦ લિવર, ૨૧૫ હૃદય, ૧૮૯ ફેફસા, ૨૦ પેંક્રિયાજ અને ૧૪ નાના આંતરડાના ટ્રાન્સપ્લાન્ટ સામેલ છે પરંતુ મરણોપરાંતમાં ૧૬,૯૪૧ માંથી ૧,૦૬૨ ટ્રાન્સપ્લાન્ટ જ મૃત્યુ બાદ પ્રાપ્ત અંગોથી કરવામાં આવ્યા. ડો. કુમારે કહ્યુ હજુ મરણોપરાંત દાતાથી અંગ લેવામાં ભારત ખૂબ પાછળ છે. આ માટે લોકોએ દેહદાન માટે આગળ આવવુ જોઈએ.

ડો. કુમારનું કહેવુ છે કે પીએમ મોદીએ ઘણી વખત પોતાના મન કી બાત કાર્યક્રમમાં અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ પર ચર્ચા કરી છે. તેનું જ પરિણામ છે કે ભારતે અમેરિકા, ઈટલી, ફ્રાન્સ જેવા દેશોને અંગદાનમાં પાછળ છોડ્યુ છે. જોકે સરકાર આ સિદ્ધિથી ખુશ નથી કેમ કે હજુ પણ દેશમાં માંગ અને પુરવઠા વચ્ચે ખૂબ અંતર છે. નોટ્ટોએ આરોગ્ય મંત્રાલયને સોંપેલા રિપોર્ટમાં જણાવ્યુ છે કે માંગ અને પુરવઠાની વચ્ચે હજુ પણ ખૂબ અંતર છે. ભારતમાં દર વર્ષે બે લાખ કિડની ટ્રાન્સપ્લાન્ટની જરૂર છે. પરંતુ ૨૦૨૩માં ૧૨,૩૪૩ ટ્રાન્સપ્લાન્ટ થયા જેમાં ૧,૬૧૩ કિડની મૃત્યુ ઉપરાંત દાતાઓથી મળી છે એટલે કે ૧૦૦ દર્દીઓ પર લગભગ છને કિડની મળી. ડો. કુમારનું કહેવુ છે કે દેશમાં દર વર્ષે ૮૦ હજાર દર્દી હૃદય નિષ્ફળતાના કારણે ટ્રાન્સપ્લાન્ટની યાદીમાં જોડાઈ રહ્યા છે પરંતુ ૨૦૨૩માં માત્ર ૨૧૫ હૃદય ટ્રાન્સપ્લાન્ટ થયા એટલે કે ૫૦૦માંથી કોઈ એક દર્દીને હૃદય મળી રહ્યુ છે. આપણા માટે સૌથી જરૂરી મરણોપરાંત અંગદાન છે કેમ કે તેનાથી હૃદય, ફેફસા, સ્વાદુપિંડ અને નાના આંતરડા સહિત ઘણા પ્રકારના અંગ લઈને એક વખતમાં ૮ જીવન બચાવી શકાય છે.

### અનેક વાર રિપેર કરાયેલા બ્રિજમાં ભ્રષ્ટાચારનું મોટું ગાબડું!

# આંબેડકર બ્રિજને લોકોની અવરજવર માટે બંધ કરાયો

## ૭૧ વર્ષીય ઈમરાન ખાન અને ૬૭ વર્ષીય કુરેશીને હાઈ પ્રોફાઈલ કેદીઓ તરીકે અલગ અલગ જગ્યાએ રાખવામાં આવશે

મહેસાણા, તા.૧૫

મહેસાણાનો એક એવો બ્રિજ કે જેનો રોડ દર વર્ષે ચોમાસામાં તૂટી જાય છે. મહેસાણાનો એક એવો બ્રિજ કે જેનું આયુષ્ય અંદાજે ૫૦ વર્ષનું હોવાનું અધિકારી કહી રહ્યા છે. પરંતુ ૧૦ વર્ષમાં જ તૂટવા લાગ્યો. મહેસાણાનો એક એવો બ્રિજ કે જેને રીસરફેસ માટે ગ્રાન્ડ પણ ફાળવી દેવાઈ હતી. પણ સમયસર રિપેર ન કરાતા ઉપરથી નીચે દેખાય એવું આરપાર બ્રિજમાં ગાબડું પડી ગયું. આવો તો આપને બતાવીએ મહેસાણાનો ભ્રષ્ટાચાર થી ભરપૂર ભરાયેલો આ બ્રિજ કે જે હવે લોકો માટે જોખમી બની ગયો છે. કે જેનું બબ્બે વખત ઉદ્ઘાટન અને નામાભિધાન કાર્યક્રમ ધામધૂમથી કરવામાં આવ્યા હતા.મહેસાણા શહેરના વિસનગર લિંક રોડ પર આવેલા આંબેડકર બ્રિજને આજે વહેલી સવારથી લોકોની અવરજવર માટે તાત્કાલિક બંધ કરી દેવાયો. બંધ કરવાનું કારણ એ હતું કે બ્રિજની મધ્યમાં એક્સપાન્શન જોઈન્ટ માં ગાબડું પડી ગયું. અને આ ગાબડું એવડું મોટું હતું કે એ ગાબડામાં નથી દેખાતો ઉપરનો ડામર કે નથી દેખાતું એના નીચેનું કોંક્રીટ , સીધું દેખાય છે તો બ્રિજની ઉપરથી આર પર નીચેનો ભાગ. જી હા આ ગાબડું નહીં પણ બ્રિજમાં હોલ પડી ગયો હોય એમ આરપાર દેખાઈ રહ્યું છે. આ ગાબડા માં બ્રિજની અંદરના સળિયા પણ બહાર સ્પષ્ટ દેખાય છે. કોંક્રિટ અને કપચી હાથમાં લેતા ખરવા લાગે છે. હવે તમને એમ લાગશે કે આ બ્રિજ વર્ષો જૂનો હશે પરંતુ હકીકતમાં આ બ્રિજને બને માત્ર દસ વર્ષ જ થયા છે. તા.૧૦.૦૨.૨૦૧૪ એ આ બ્રીજનું ઉદઘાટન અને તા.૧૪.૦૪.૨૦૧૭ એ આ બ્રીજનું નામાભિધાન કરાયું હતું. ઉદ્ઘાટન અને નામાભિધાન બાદ પણ દર વર્ષે જ્યારે ચોમાસામાં સામાન્ય વરસાદ પડે એટલે બ્રિજના રોડનું ધોવાણ થાય અને મોસ્ટ મોટા ખાડા પડે અને સળિયા દેખાવા લાગે. ચોમાસું જાય એટલે ફરીથી રોડને રી સરફેસ કરી રીપેર કરી દેવાય. પણ અત્યાર સુધી કોઈએ એવી તપાસ ના કરી કે બ્રિજ બનાવનાર એજન્સીએ આ બ્રિજને ગુણવત્તા વાળો ભ્રષ્ટાચાર મુક્ત બ્રીજ બનાવ્યો છે કે નહીં! આખરે જાણે ભ્રષ્ટાચાર છાપરે ચડીને પોકારતું હોય એમ બ્રિજના મધ્ય ભાગમાં એક્સપાન્શન જોઈન્ટ માં અચાનક ગાબડું પડી ગયું. અને ઘટનાને પગલે માર્ગ અને મકાન વિભાગ અને રેલવેના અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા. સ્થળ સ્થિતિ ની ગંભીરતા જોતા બ્રિજ બંને બાજુથી તાત્કાલિક બંધ કરી દેવાયો.

### ઈન્ડિયા ગઠબંધનની મુશ્કેલીમાં વધારો થયો

# કાશ્મીરની તમામ પાંચ બેઠક પર ફારુખ અબ્દુલ્લાનો પક્ષ ચૂંટણી લડશે

## નેશનલ કોન્ફરન્સ ચૂંટણી પહેલા કોઈપણ ગઠબંધનમાં જોડાશે નહીં અને સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે: ફારૂખ

શ્રીનગર, તા.૧૫

દિલ્હી, પંજાબ અને ઉત્તર પ્રદેશ બાદ હવે જમ્મુ અને કાશ્મીરમાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લા એ જમ્મુ અને કાશ્મીરની તમામ ૫ લોકસભા બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. તેમના અચાનક નિર્ણયથી મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.ઈન્ડિયાબ્લોકને મોટો ઝટકો આપતા નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ અને શ્રીનગર મતવિસ્તારના હાલના સાંસદ ડૉ. ફારુક અબ્દુલ્લાએ આજે શ્રીનગરમાં પાર્ટી હેડક્વાર્ટર ખાતે પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે તેઓ એ સ્પષ્ટ કરવા માગે છે કે નેશનલ કોન્ફરન્સ ચૂંટણી પહેલા કોઈપણ ગઠબંધનમાં જોડાશે નહીં અને સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે. તેમણે તમામ અટકળોને પર પૂર્ણવિરામ મૂક્યો હતો. ઉલ્લેખનીય છે કે તેમના આ અચાનક નિર્ણયે બધાને ચોંકાવી દીધા છે.

આ પહેલા આપઅને ટીએમસી પાર્ટી ગઠબંધન ઈન્ડિયાને પશ્ચિમ બંગાળ, પંજાબ અને દિલ્હીમાં ઝટકો આપી ચૂકી છે. નોંધનીય છે કે આમ આદમી પાર્ટીએ આસામની ૩ લોકસભા સીટો માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી છે.

બીજી તરફ પશ્ચિમ બંગાળમાં પણ મમતા બેનર્જીએ એકલા હાથે ચૂંટણી લડવાની વાત કરી છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવ ૮૦ બેઠકોમાંથી કોંગ્રેસને માત્ર ૧૧ બેઠકો આપવાની વાત કરી રહ્યા છે. હવે ફારુક અબ્દુલ્લાના આ નિર્ણયથી ગઠબંધન ઈન્ડિયાવધુ નબળો પડી શકે છે.

### વડાપ્રધાન મોદીએ કતારના PM સાથે કરી મુલાકાત

# ભારતના આઠ પૂર્વ નૌસૈનિકોની મુક્તિ બાદ દોહા પહોંચ્યા મોદી

## કતારના વિદેશ રાજ્ય મંત્રી સુલતાન બિન સાદ અલ-મુરૈખીએ એરપોર્ટ પર મોદીનું સ્વાગત કર્યું : ભારતીય સમુદાય પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા

દોહા, તા.૧૫

ભારત અને કતાર વચ્ચેના ઐતિહાસિક ઘનિષ્ઠ અને મૈત્રીપૂર્ણ સંબંધોને વધુ મજબૂત કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કતાર પહોંચ્યા હતા. કતારના વિદેશ રાજ્ય મંત્રી સુલતાન બિન સાદ અલ-મુરૈખીએ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું. આ પછી ભારતીય સમુદાયે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા અને ઉષ્માભર્યું સ્વાગત કર્યું. પીએમ મોદીએ ટ્વિટ કરીને લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. “દોહામાં સ્વાગત! હું ભારતીય લોકોનો આભારી છું. ૨૦૧૪ બાદ વડાપ્રધાન તરીકે મોદીની કતારની આ બીજી મુલાકાત છે.યુએઈનો પ્રવાસ પૂરો કરીને પીએમ નરેન્દ્ર મોદી કતાર પહોંચી ગયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે રાતે બે દિવસના કતાર પ્રવાસ અંતર્ગત રાજધાની દોહા પહોંચ્યા હતા દોહા પહોંચ્યા બાદ તેમણે કતારના પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલરહેમાન અલ થાની સાથે બેઠક કરી. બેઠક બાદ પીએમ મોદીએ ટ્વીટ કરતા કહ્યું કે કતારના પીએમ સાથે તમની મુલાકાત શાનદાર રહી. બંને નેતાઓ વચ્ચે ભારત-કતાર મિત્રતા વધારવા અંગે ચર્ચા થઈ. વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી બન્યા બાદ નરેન્દ્ર મોદીનો આ બીજો કતાર પ્રવાસ છે. અત્રે જણાવવાનું કે તેમણે પહેલીવાર કતારનો પ્રવાસ જૂન ૨૦૧૬માં કર્યો હતો. વિદશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે પીએમ મોદીનો આ પ્રવાસ કતાર સાથે ઐતિહાસિક અને ગાઢ સંબંધોને પ્રોત્સાહન આપશે. નોંધનીય છે કે પીએમ મોદીનો આ પ્રવાસ એવા સમયે થયો છે જ્યારે હાલમાં જ કતારની સરકારે આઠ પૂર્વ ભારતીય નેવી અધિકારીઓની ફાંસીની સજા માફ કરીને તેમને ભારત આવવાની મંજૂરી આપી દીધી. છેલ્લા ૧૮ મહિનાથી આઠ પૂર્વ નૌસૈનિકો કતારની જેલમાં જાસૂસીના આરોપમાં બંધ હતા જેમનો હાલમાં જ છૂટકારો થયો અને તેમાંથી ૭ ભારત પરત પણ ફર્યા. જે ભારતની ખુબ મોટી કૂટનીતિક જીત ગણવામાં આવી રહી છે. ઓગસ્ટ ૨૦૨૨માં કતારની ગુપ્તચર એજન્સીએ કથિત જાસૂસી મામલામાં દોહામાંથી આઠ ભારતીય નાગરિકોની ધરપકડ કરી હતી જે એક ખાનગી કંપનીમાં કામ કરતા હતા. તેમને મોતની સજા થઈ હતી. નવેમ્બર ૨૦૨૩માં ભારત સરકારે કતારની એક ઉચ્ચ અદાલતમાં મોતની સજા વિરુદ્ધ અપીલ દાખલ કરી હતી. કૂટનીતિક સ્તરે પણ ભરપૂર પ્રયત્નો થયા. ત્યારબાદ કતારની કોર્ટે ભારતીયોની મોતની સજાને પલટી નાખી. કોર્ટે મોટની સજા ઘટાડીને જેલની સજા કરી હતી. ત્યારબાદ સજા માફી થઈ અને નાગરિકો ભારત આવી શક્યા.

### આરબીઆઈનો વધુ એક ફટકો

# Paytm બાદ Visa-Mastercard દ્વારા બિઝનેસ પેમેન્ટ રોકવાનો આદેશ

## RBI દ્વારા Paytm બેંક વિરુદ્ધ લેવામાં આવેલા પગલા બાદ ઈન્ડસ્ટ્રીમાં દરેક જગ્યાએ આ નિર્ણયની ચર્ચા થઈ રહી છે

નવી દિલ્હી, તા.૧૫

પેટીએમ પેમેન્ટ બેંક સામે પગલાં લીધા બાદ રિઝર્વ બેંકે વધુ એક મોટો નિર્ણય લીધો છે. RBIના આદેશમાં વિઝા અને માસ્ટરકાર્ડ નેટવર્કને નાના સાહસો દ્વારા કરવામાં આવતી કાર્ડ આધારિત કોમર્શિયલ ચૂકવણીને રોકવા માટે કહેવામાં આવ્યું છે. ઈકોનોમિક ટાઈમ્સમાં છપાયેલા સમાચાર અનુસાર, અન્ય બિઝનેસ આઉટલેટ્સ પર થઈ રહેલા વ્યવહારો પણ અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યા છે. જો કે, સેન્ટ્રલ બેંક દ્વારા આ પગલું શા માટે લેવામાં આવ્યું તે અંગે સાચી માહિતી બહાર આવી નથી.

એવું માનવામાં આવે છે કે RBIએ આ પગલું ભરવા પાછળનું કારણ એ છે કે રેગ્યુલર કેવાઈસીનું પાલન નહીં કરનાર નાના વેપારીઓ મારફતે થનાર ટ્રાન્જેક્શનને લઈને ચિંતિત છે. એક ફિનટેક સ્ટાર્ટઅપના સ્થાપકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે આ સેક્ટરમાં કામ કરતી ફિનટેક્સને આગામી આદેશો સુધી કોમર્શિયલ કાર્ડ દ્વારા કરવામાં આવતી બિઝનેસ પેમેન્ટ રોકવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે આ પગલા પછી ભાડું અને ટ્યુશન પેમેન્ટને અસર થઈ શકે છે. પછી કેટલીક ફિનટેકે આવા વ્યવહારો સ્થગિત કરવા વિશે વિચારવું પડશે. ખરેખર, Cred, Paytm અને NoBroker જેવી એપ્સ ગ્રાહકોને કાર્ડ દ્વારા ભાડું ચૂકવવાની સુવિધા પૂરી પાડે છે. સામાન્ય રીતે વ્યવસાયો આરટીજીએસ જેવા આરબીઆઈ પાસેથી નેટ બેંકિંગ અથવા બલ્ક ટ્રાન્સફર દ્વારા ચૂકવણી કરે છે. ફિનટેક અને કાર્ડ નેટવર્ક સિવાય કે જેમણે કાર્ડ દ્વારા બિઝનેસ વેન્ડર્સને ચૂકવણી કરવાની પ્રક્રિયા વિકસાવી છે. આ સેક્ટરમાં સામાન્ય રીતે કાર્ડ પેમેન્ટનો ઉપયોગ થતો નથી. Enkash અને Paymate જેવા Fintech વિક્રેતાઓ અને સપ્લાયર્સ ચૂકવણી જેવી વ્યવસાયિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ચુકવણીની સુવિધા પૂરી પાડે છે.

### ગૂગલ માટે ઈપ્સોસ દ્વારા સર્વે કરવામાં આવ્યો

# એઆઈ ગરીબી ઘટાડવામાં મદદરૂપ થાય એવી ૭૭ ટકા ભારતીયને આશા

## ૮૨ ટકા ભારતીયોનું માનવુ છે કે ૫ વર્ષમાં નોકરીઓ અને ઉદ્યોગોમાં એઆઈ આધારિત પરિવર્તન તેમનું જીવન બદલી દેશે

નવી દિલ્હી, તા.૧૫

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ગરીબી ઘટાડવામાં મદદરૂપ સાબિત થશે. ૭૭ ટકા ભારતીય આ અંગે આશાવાદી છે. એટલુ જ નહીં ૮૨ ટકા ભારતીયોનું માનવુ છે કે આગામી પાંચ વર્ષમાં નોકરીઓ અને ઉદ્યોગોમાં એઆઈ આધારિત પરિવર્તન તેમનું જીવન બદલી દેશે.

ગૂગલ માટે ઈપ્સોસ દ્વારા કરવામાં આવેલા તાજેતરના સર્વે અનુસાર સમગ્ર દુનિયામાં એઆઈને લઈને સૌથી વધુ ઉત્સાહ ભારતીયોમાં છે.


અભ્યાસમાં ૧૭ દેશોના ૧,૭૦૦ લોકોને સામેલ કરવામાં આવ્યા. તમામ ઓનલાઈન માધ્યમથી તેમાં સામેલ થયા હતા. જેમાંથી ૮૨ ટકા ભારતીય એ આશા કરે છે કે એઆઈથી તેમને આરોગ્ય, રોજગાર અને જટિલ વિષયોને સમજવામાં લાભ થશે જ્યારે વૈશ્વિક સ્તરે આવુ માનનારા ૫૪ ટકાથી વધુ છે.

મોટાભાગના ભારતીયોને આશા છે કે એઆઈ આગામી ૫ વર્ષમાં પાયાના વિકાસને લઈને જે પડકારો છે તેમનું સમાધાન કરશે. ૮૬ ટકાનું કહેવુ છે કે તેનાથી પરિવહનમાં વધારો થશે. સર્વેમાં સામેલ ૭૦ ટકાથી વધુ ભારતીયોએ પહેલા જ એઆઈના સારા પ્રભાવનો (ખાસકરીને જાણકારી મેળવવા માટે) અનુભવ કર્યો છે.

૮૦ ટકાને આશા છે કે તેનાથી તેમને વ્યક્તિગત રીતે લાભ થશે. તેમનુ માનવુ છે કે એઆઈ આરોગ્ય, સુરક્ષા, ક્લાઈમેટ ચેન્જ, વ્યક્તિગત શિક્ષણ, એક્સેસ અને અવકાશ સંશોધન જેવા વિભિન્ન ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે. સર્વે અનુસાર ૯૫ ટકા ભારતીય પોતાના કાર્યસ્થળ પર એઆઈ વિશે ચર્ચા કરે છે જ્યારે વૈશ્વિક સ્તરે આ સરેરાશ ૬૫ ટકા છે. બેન પેજ, ઈપ્સોસના સીઈઓએ કહ્યુ કે એઆઈની સાથે આપણા જીવન પર કરવામાં આવેલા સર્વેથી વૈશ્વિક પડકારો વચ્ચે એઆઈની ક્ષમતાને ઓળખવાના મહત્વ પર ધ્યાન આપવામાં આવ્યુ છે. જેમાં એ પણ જણાવાયુ છે કે એઆઈ કેવી રીતે ડેટા વિશ્લેષણને વધારતા દુનિયામાં સકારાત્મક યોગદાન આપી શકે છે.ગૂગલ ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ, સંજય ગુપ્તાએ કહ્યુ કે આ એઆઈ-સંચાલિત કંપની તરીકે તેમના ફોકસ માટે શ્રેષ્ઠ વાત છે. ઈપ્સોસ સર્વેથી જાણવા મળે છે કે ભારતીયોને સમાવેશી આર્થિક વિકાસમાં યોગદાન માટે એઆઈથી ખૂબ આશાઓ છે.

# અમરેલી આરટીઓ અને જિલ્લા પોલીસના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય રોડ સેફટી માસનો સમાપન સમારોહ યોજાયો






સરકાર દ્વારા વાહન અકસ્માતો ઉપર અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે તા.૧૫/૧ થી તા.૧૪/૨/૨૪ સુધી રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ હોય, સમગ્ર માસ દરમ્યાન ટ્રાફિક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવેલ. અને માસના અંતે માર્ગ સલામતી માસના સમાપન સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. તા. ૧૪–૨–૨૪ ના રોજ અમરેલી જિલ્લા પોલીસ અને આર.ટી.ઓ. કચેરી દ્વારા માર્ગ સલામતી માસના સમાપન માટે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ (વિદ્યાસભા), લાઠી રોડ, અમરેલી ખાતે ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ ખાસ ઉપસ્થિત રહેલ હતાં. આ પ્રસંગે અમરેલીએ–આરટીઓ ઈંદ્રજિત ટાંક, રોડ સેફટી નોડલ પંકજ પઢીયાર, જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ. વી.વી. ગોહિલ, રોડ સેફટી કમીટીના સભ્યો, આર.ટી.ઓ. કચેરીનો સ્ટાફ, ટ્રાફિક શાખાનો પોલીસ સ્ટાફ, વિદ્યાસભાના ટ્રસ્ટી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, વિદ્યાસભા કેમ્પસનો તમામ સ્ટાફ, વિદ્યાસભા કેમ્પસના ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહેલ હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય તથા સ્કુલની બાળાઓ દ્વારા પ્રાર્થના કરીને કરવામાં આવેલ. આ પ્રસંગે કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી તેમજ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા એ.આર.ટી.ઓ. ઈન્દ્રજીત ટાંક દ્વારા જુડો સ્પોર્ટ્સમાં રાષ્ટ્રીય લેવલે બ્રોન્ઝ મેડલ મેળવેલ વિદ્યાર્થીઓને પ્રસંશાપત્રો અને મોમેન્ટો આપી બિરદાવવામાં આવેલ. આ સમાપન સમારોહ પ્રસંગે શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા કેમ્પસ ના ૩ વિદ્યાર્થીઓ ધોલરીયા હાર્દી (ધોરણ –૯), ગોહિલ હિમાંષુ (ધોરણ–૬) તથા વાઘેલા આસ્થા (ધોરણ –૯) નાઓ દ્વારા રોડ સેફટી વિષય ઉપર ખુબ જ સરસ અને ધારદાર વકતવ્ય રજુ કરીને વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવેલ. જેમાં ઝીબ્રા ક્રોસિંગ, રેડ લાઈટ જમ્પિંગ, રોડ સ્ટ્રિપ, વન વે રસ્તા, હેલમેટ પહેરવા, સીટ બેલ્ટ પહેરવા વગેરે વિષયો પર વકતવ્ય રજુ કરવામાં આવેલ હતાં. વકત્રુત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ આપવામાં આવેલ અને પ્રથમ, દ્વિતીય, અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને સમાપન સમારોહના અધ્યક્ષ પોલીસ અધિક્ષકના હસ્તે ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવેલ હતા. બાળકોમાં નાનપણથી જ માર્ગ સલામતી અંગેના બીજ રોપાય અને ટ્રાફિકના નિયમોથી માહિતગાર બને તે હેતુસર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ આપવામાં આવેલ અને આ ચિત્ર સ્પર્ધામાં ધોરણ–૧ થી ૩, ધોરણ ૪ થી ૬ અને ધોરણ ૭ થી ૧૨ એમ ૩ કેટેગરી માટે પ્રથમ, દ્વિતીય, અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને સમાપન સમારોહના અધ્યક્ષ પોલીસ અધિક્ષકના હસ્તે ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવેલ. સમાપન સમારોહના અધ્યક્ષ અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા રોડ સેફટી તથા ટ્રાફિકના નિયમો વિષે વિસ્તૃત જાણકારી તથા સમજ આપવામાં આવેલ. અમરેલી જિલ્લામાં ૮૦ % અકસ્માત બાઈક ચાલકોમાં થાય છે એટલે વાહન ચલાવતી વખતે હેલમેટ પહેરવા માટે ખાસ અનુરોધ કરવામાં આવેલ. સીટબેલ્ટ લગાવવા, ઓવર સ્પીડમાં વાહન ન ચલાવવા, નશો કરીને વાહન ન ચલાવવા માટે પણ અનુરોધ કરવામાં આવેલ. તેમજ અકસ્માત સમયે ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરવાને બદલે ૧૦૦ નંબર કે ૧૦૮ ને કોલ કરી, ઈજાગ્રસ્તને મદદરૂપ બનવા તથા દેશ માટે સારા નાગરીક બનવાની અપીલ કરવામાં આવેલ. આરટીઓ ઈન્સ્પેકટર પંકજ પઢીયાર દ્વારા રોડ સેફટીના નિયમો શા માટે જરૂરી છે, આ નિયમોનું પાલન કરવાથી કેવી રીતે જિંદગી બચાવી શકાય, તે વિશે સમજ આપવામાં આવેલ તેમજ ગોલ્ડન અવરમાં લોકોને સારવાર મળી રહે તે માટે ગુડ સમરીટન બનવા માટે સુચન કરવામાં આવેલ. તેમજ તાઉ ૧૫/૧/૨૦૨૪ થી ૧૪/૨/૨૦૨૪ દરમ્યાન કરેલ રોડ સેફટીની કામગીરીની માહિતી આપવામાં આવેલ અને કાર્યક્રમના અંતે રોડ સેફટી માટે શપથ લેવડાવવામાં આવેલ તેમજ નેશનલ એંથમ સાથે કાર્યક્રમની પુર્ણાહુતિ કરેલ. અંતમાં પઢિયાર દ્વારા રોડ સેફટી શાયરી વડે રોડ સેફટીના કાર્યને વર્ણવામાં આવેલ. જિદગી ઘડી–ઘડી રંગ બદલ રહી હે સડકો પર કિતની ગાડીયાં ચલ રહી હે લોગોમે જાગૃકતા ધીરેધીરે બઢ રહી હે સડક સુરક્ષા નયે ઉદાહરણ ગઢ રહી હેઉ

## પાના ૧ ઉપરનું ચાલું ડાયમંડ કિંગ ગોવિંદભાઈ ધોળકીયાએ

રાકેશભાઈ ધોળકીયા સહિતનાં અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહેલ.

ડાયમંડ કિંગ ગોવિંદ ધોળકીયાની રાજયસભાનાં ઉમેદવાર તરીકે નકકી થતાં જ માદરે વતન દુધાળા–લાઠીથી લઈ સુરત સુધી ખૂશીનો માહોલ છવાય જવા પામ્યો છે. નાનકડા દુધાળામાં ફટાકડાની આતશબાજી, લાપસીના આંધણ મુકાયા, મિઠાય વહેંચવામાં આવી અને આવી જ રીતે લાઠી લાલજીદાદાના વડલા ખાતે પણ અનેરો ઉત્સાહ જોવા મળેલ.

ગોવિંદભાઈ ધોળકીયા ગોવિંદભગત, ગોવિંદકાકાનાં ઉદગારથી પણ જાણીતા છે. તેમણે પોતાના વતન સહિત આસપાસનાં ગામોનાં જરૂરિયાતમંદો માટે અનેક સેવાના કામ કરી રહ્યા છે. જેનો મોટા પ્રમાણમાં લોકો લાભ લઈ રહ્યા છે.

આવી જ રીતે હીરા ઝવેરાત ઉદ્યોગમાં પણ ખૂશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સૌથી વધારે વિદેશી હુંડીયામણ રળી આપતા હીરા ઉદ્યોગને ગોવિંદભાઈ ધોળકીયાની રાજયસભામાં પસંદગી થતાં હીરા ઝવેરાત ઉદ્યોગમાં આનંદ છવાયો છે. હીરા ઉદ્યોગકારોનું કહેવું છે કે, ગોવિંદભાઈ ધોળકીયાની રાજયસભામાં પસંદગી થતાં હીરા–ઝવેરાતનાં પડતર પ્રશ્નો ઉકેલાશે સાથે વિકાસનાં અનેક પ્રોજેકટોને ગતિ મળશે. આઈડીઆઈ ચેરમેન દિનેશભાઈ નાવડીયા કહે છે કે, સમગ્ર ગુજરાતની રોજગારીની જીવાદોરી એટલે ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ છે. ૧૯૬૫થી ચાલું થયેલ હીરા ઉદ્યોગનાં તમામ ઉદ્યોગપતિઓ, કારીગરો, રત્નકલાકારો કે ટ્રેડરોની એક માંગ હતી કે કોઈને રાજકીય પ્રતિનિધિત્વ મળવું જોઈએ. આજે એકલા સુરત અને ગુજરાતનો જ નહી પરંતુ દુનિયાભરમાં બેલ્જિયમ, દુબઈ, સાઉથ આફ્રિકાના ડાયમંડ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા તમામ લોકોમાં ખૂશીનો માહોલ છે. ડાયમંડ એસોસીએશનનાં પ્રમુખ બાબુભાઈ વાઘાણી કહે છે કે, ગોવિંદભાઈ ધોળકીયાને રાજયસભાનાં પ્રતિનિધિ તરીકે પસંદગી થતાં હીરા–ઝવેરાત ઉદ્યોગની વર્ષો જુની માંગ પૂર્ણ થઈ છે. મારૂ માનવું છે કે હવે હીરા ઉદ્યોગનાં પ્રશ્નોનો અગાઉ કરતા પણ ઝડપથી ઉકેલ આવશે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીની પાઠક સ્કુલ

પંકજભાઈ મહેતા, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના મહામંત્રી નિલેશભાઈ કોટડીયા, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મહામંત્રી રમેશભાઈ રામ, માધ્યમિક શિક્ષક સંઘ અધ્યક્ષ પંકજભાઈ દેવમુરારી અમરેલી શાસનાધિકારી, આશિષભાઈ જોશી, વસરા, એમ.વી. પટેલ કન્યા શાળાના પ્રિન્સિપાલ અરૂણાબેન પટેલ, અજમેરા સ્કૂલના પ્રિન્સિપાલ કંચનબેન બારૈયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ જગતના અનેક મહાનુભાવો એ હાજરી આપી હતી. આ પ્રસંગે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા પ્રકાશભાઈ જોશી, પ્રફુલભાઈ કાતરીયા, અસરફ ભાઈનુ શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ કાર્ય કર્યા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. ખોખાણી જ્ઞાનમંજરી વિદ્યાપીઠની અભ્યાસ પદ્ધતિ, જ્ઞાન મંજરીની સ્થાપનાથી આજ સુધીના ઉત્તમ પરિણામોની વાત રાખી હતી. હસમુખભાઈ પટેલના પ્રતિભાવો મુજબ અમરેલી જિલ્લાના સાયન્સ ક્ષેત્રે આગળ વધતા વિદ્યાર્થીઓને જ્ઞાન મંજરી સ્કૂલ અને પાઠક સ્કૂલના જોડાણથી મહત્તમ લાભ થશે. તુષારભાઈ જોશીના પ્રતિભાવ મુજબ બાળકોના સર્વાંગી વિકાસ માટે સારી સંસ્થાઓ આવકાર્ય છે. વસરાના પ્રતિભાવ અનુસાર મધ્યમવર્ગીય માતા પિતાના બાળકોને ઉત્તમ કક્ષાનું શિક્ષણ અમરેલીમાં ઘર આંગણે મળી રહેશે. અમરેલીના શિક્ષણ જગતમાં આ જોડાણને સારો પ્રતિસાદ અને આવકાર મળી રહ્યો છે. કાર્યક્રમનું સંચાલન પાઠક સ્કૂલના શિક્ષક મનોજભાઈ પંડયાએ કર્યુ હતું.

## પાના ૮ ઉપરનું ચાલું કુંડલા શાકમાર્કેટનું કલ્યાણ

આ વિસ્તારના લોકો ઈચ્છે છે કે કુંડલા શાક માર્કેટની જેમ આ સાવર શાકમાર્કેટ પણ ધમધમતી થાય અને જો આ શાક માર્કેટનો વ્યવસ્થિત ઉપયોગ કરવામાં આવે તો જેસર રોડ ફાટક આસપાસ જે શાકભાજી અને ફ્રુટની લારીવાળાઓ જાહેર રોડ ઉપર ટ્રાફિકને અડચણરૂપ રાખીને ઉભા રહે છે તે તમામને આ શાક માર્કેટમાં જગ્યા ફાળવીને ત્યાંથી જાહેર રોડ ઉપરથી ખસેડી લેવામાં આવે તો ટ્રાફિકનો પ્રશ્ન પણ હલ થઈ જાય. હવે આ શાક માર્કેટ પોતાનો નબળો સમય કયારે પૂર્ણ થાય છે તેની મીટ માંડીને નગરપાલિકા સત્તાધીશો તરફ આશાની નજરે જોઈ રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં પતિ–પત્ની અને અન્ય ૪

સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટની સ્ટરલીંગ હોસ્પિટલની પાછળ આવેલ ધરમનગર વિસ્તારમાં રહેતી એક ૨૨ વર્ષિય યુવતીને અમરેલીમાં રહેતા એક પતિ પત્નિ સહિત ૬ જેટલા લોકોએ તેના મમ્મી પપ્પાને વિશ્વાસમા લઈ છેલ્લા પાંચ મહિના પહેલાથી જુદી જુદી જગ્યાએ લઈ જઈ જુદા–જુદા સમયે મેલુ દુર કરવાની તાંત્રીક વિધીના નામે કુલ રૂ.૩,૧૩,૦૦૦ પચાવી પાડી, ઠગાઈ વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી કરી, આ પૈસા પડાવવા ઘરમાં મેલુ છે તે તેમને જીવવા નહી દેતેવો ડર ધમકી બતાવી, ફરીયાદી બહેન સાથે શરીરસંબંધ બાંધવા તેને ડરાવી જો શરીર સંબંધ નહિ બાંધે તો તેના દિકરાનો જીવ જતો રહેશે તેવી બીક બતાવી ધમકી આપી, યુવતિ સાથે તેણીની મરજી વિરૂધ્ધ આરોપી મુકેશભાઈ ભેસાણીયાએ શરીર સંબંધ બાંધી તેમજ અન્ય આરોપી સુનીલભાઈ રાવળ (રહે. વિસાદવર), દિનેશભાઈ રિબડીયા (રહે. વિસાવદર) તથા એક અજાણ્યો ભુવો (રહે. વિસાવદર) વાળાએ પણ અમરેલી, સીમરણ, સાવરકુંડલા જેવી જગ્યાએ લઈ જઈ તેણી સાથે અન્ય–૬ વ્યકિતઓએ પણ સાથે શરીર સંબંધ બાંધવા માટે આરોપી રાધિકાબેન મુકેશભાઈ ભેસાણીયા, તથા ભારતીબેન પ્રકાશભાઈ ગોંડલીયા (રહે.રાજકોટ) ભોગ બનનાર બહેનને મજબુર કર્યાની ભોગ બનનાર યુવતીએ ફરિયાદ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૭૬, ૩૭૬(ડી), ૪૦૬, ૪૧૭, ૪૨૦, ૧૨૦(બી), ૫૦૬(૧), ૫૦૬(૨), ૩૪, ૧૧૪ મુજબ ફરિયાદ નોંધાવી છે. આ બનાવની તપાસ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના આઈ/સી પોલીસ ઈન્સ. આર.જી. ચૌહાણ હાથ ધરી હતી.

આ ગુન્હાની તપાસ દરમીયાન આરોપી મુકેશભાઈ પ્રાગજીભાઈ ભેંસાણીયા રે. અમરેલી તથા સુનિલ અશોકભાઈ રાવળ, દિનેશભાઈ ત્રિભોવનદાસ રીબડીયા રે. બન્ને વિસાવદર તથા ૨ મહિલા સહિત ૫ શખ્સોની પોલીસે અટકાયત કરી રીમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરેલ છે.

## ખાંભાના BAPS સ્વામીનારાયણ મંદિર ખાતે શાકોત્સવની ઉજવણી



ખાંભા, તા. ૧૫

ખાંભાના બીએપીએસ સ્વામીનારાયણ મંદિરમાં ભવ્ય શાકોત્સવની ઉજવણી અને મહાપૂજાના ભાગ રૂપે હરિભકતો અને સંતોનું સ્નેહ મિલન યોજાયું હતું. આ શાકોત્સવના માધ્યમથી સંતો દ્વારા હરિભકતોને ભગવાન સ્વામિનારાયણનું ગુણગાન અને સમજૂતી તેમજ તેનું મહત્વ સમજાવવામાં આવે છે જયારે ભગવાન સ્વામિનારાયણ દ્વારા શાકોત્સવની શરૂઆત કેવી રીતે અને કયાં કરવામાં આવી હતી. તેની માહિતી આપવામાં આવી હતી. બીજી તરફ આ શાકોત્સવમાં સંતો દ્વારા પોતાના હાથે તમામ રસોઈ બનાવી હરિભકતોને જમાડયા હતા. જયારે રીગણાનું શાક સાથે સાથે મીઠાઈ, રોટલા, રાઈતા મરચા, છાસ વગેરે પીરસવામાં આવ્યું હતું અને હરિભકતોએ પણ ભાવથી જમ્યા હતા. બીજી તરફ ખાંભા ઉપરાંત, મહુવાના વિનમ્રમુનીદાસ સ્વામી, અખંડ મંગદાસ સ્વામી, વિરાટ કુશલદાસ સ્વામી વગેરે મંદિરોમાંથી સંતો પધાર્યા હતા. જયારે પોતાની કાલીઘેલી ભાષામાં હરિભકતોને ભગવાનના ગુણગાનનું પ્રવચન આપવામાં આવ્યું હતું અને આ તકે સત્સંગ મંડળ ખાંભા તેમજ હરિભકતો તેમજ ગામના અગ્રણીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા અને આ ભવ્ય શાક ઉત્સવને સફળ બનાવવા બીએપીએસ સત્સંગ મંડળ ખાંભાના હરિભકતોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## અવસાન નોંધ

**બાબરા :** મૂળ બાબરા તાલુકાનાં ચરખા ગામનાં નિવાસી હાલ રાજકોટ ભાવનાબેન ધનસુખભાઈ ઈન્દ્રોડીયા(ઉ.વ. ૫૮) તે ધનસુખભાઈ રતીભાઈ ઈન્દ્રોડીયાનાં ધર્મપત્ની તેમજ પ્રતીક ઈન્દ્રોડીયાનાં માતૃશ્રી તેમજ પ્રકાશભાઈ રતીભાઈ ઈન્દ્રોડીયાનાં ભાભી તેમજ વિપુલભાઈ અને તેજસના કાકી તથા દિવ્યેશનાં ભાભુનું તા. ૧૨/૨/૨૪ને સોમવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્ગતનું બેસણું તા. ૧૭/૨/૨૪ને શનિવારનાં રોજ સાંજના ૪ થી ૬ અનમોલ પાર્ક સોસાયટી ચિતલ રોડ બાબરા ખાતે રાખેલ છે.

**વીજપડી :** હીરાબેન ભીખાલાલ નગદીયા (ઉમર–૭૫ વર્ષ) નું તા ૧૫/૨/૨૦૨૪ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓ સ્વ. જંયતિભાઈ, ત્રંબકભાઈ, પ્રકાશભાઈના ભાભી, તુષારભાઈ, જયશ્રીબેન, આરતીબેન, રીનાબેનના માતુશ્રી થાય. તેમનું ઉઠમણું તા. ૧૬/૨/૨૦૨૪નાં રોજ સાંજના ૪ થી ૬ લોહાણા મહાજન વાડીમાં રાખેલ છે. પીયર પક્ષ સ્વ. રામજીભાઈ કલ્યાણજીભાઈ ચંદારાણા ચલાલાવાળા બન્ને પક્ષ તરફથી ઉઠામણું સાથે રાખેલ છે.


**સંકુલ ધો. ૧૨ નવા પ્રવેશ શરૂ – આર્ટસ કોમર્સ સાયંસ**

* આર્ટસ વિષય જુથ (૧) મનોવિજ્ઞાન – રાજયશાસ્ત્ર – ઈતિહાસ – ભુગોળ (૨) મનોવિજ્ઞાન – રાજયશાસ્ત્ર – સમાજશાસ્ત્ર – અર્થશાસ્ત્ર
* કોમર્સ & સાયંસ – ગુજરાતી મિડીયમ & ઈંગ્લીશ મિડીયમ – A & B ગ્રુપ
* ધો. ૧૨ નાં પ્રથમ સત્રની સ્કૂલ & હોસ્ટેલની એડવાન્સ ફી ભરવી – હાજર થવુ.
* છમાસિક ફી – આર્ટસ ૩૯૦૦ • કોમર્સ GM ૪૩૦૦ – EM ૬૫૦૦ • સાયંસ GM ૧૨૨૦૦ – EM ૧૨૨૦૦ • હોસ્ટેલ – ૧૧૯૦૦ (ડેઈલી ટેસ્ટ & રીપીટેડલી વ્યવસ્થા)

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી) સ્થાપિત:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad083


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૩ | ૧૪૪૦ |
| ૨ | ચણા | ૧૧૨૬ | ૧૧૮૦ |
| ૩ | ઘઉં | ૬૧૧ | ૬૧૧ |
| ૪ | ધાણા | ૧૦૭૬ | ૧૧૦૫ |
| ૫ | તુવેર | ૧૬૦૦ | ૧૮૧૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૫૦ | ૧૨૨૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૮૦ | ૧૨૫૨ |
| ૩ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૫૭૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૩૨૦૫ |
| ૫ | તલ કાળા | ૨૬૦૦ | ૩૧૪૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૪૦૩૫ | ૪૧૨૫ |
| ૭ | બાજરો | ૫૦૫ | ૫૧૪ |
| ૮ | જુવાર | ૫૯૦ | ૧૧૮૧ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૫૬૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૫ | ૫૭૫ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા દેશી | ૧૩૨૫ | ૧૩૩૦ |
| ૧૩ | તુવેર | ૧૨૩૦ | ૧૮૩૦ |
| ૧૪ | કપાસ | ૧૦૫૨ | ૧૪૯૦ |
| ૧૫ | એરંડા | ૧૦૫૬ | ૧૦૯૪ |
| ૧૬ | જીરૂ | ૩૪૫૦ | ૫૪૦૦ |
| ૧૭ | રાયડો | ૮૭૧ | ૮૯૧ |
| ૧૮ | રાય | ૧૦૧૨ | ૧૦૯૫ |
| ૧૯ | ધાણા | ૧૦૩૬ | ૧૯૦૦ |
| ૨૦ | ધાણી | ૧૨૦૦ | ૨૧૭૦ |
| ૨૧ | અજમા | ૧૬૪૦ | ૨૫૯૦ |
| ૨૨ | સોયાબીન | ૮૩૦ | ૮૬૦ |
| ૨૩ | મરચા લાંબા | ૧૦૭૦ | ૩૦૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૬૮ | ૧૪૩૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૦૦ | ૭૯૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૧૦૦ |
| ૩ | તલ પીળા | ૩૯૦૧ | ૩૯૦૧ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૯૧ |
| ૫ | બાજરો | ૪૩૦ | ૫૧૪ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૨૬ |
| ૭ | જુવાર | ૪૫૯ | ૮૦૫ |
| ૮ | મગ | ૧૫૧૫ | ૧૫૧૫ |
| ૯ | તુવેર | ૧૭૦૦ | ૧૭૧૦ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૧ |
| ૧૧ | જીરૂ | ૪૦૦૦ | ૫૨૦૦ |
| ૧૨ | રાય | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૧૩ | સોયાબીન | ૭૨૫ | ૮૧૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૪૦ | ૧૨૧૭ |
| ૨ | શીંગ મોટી | ૮૫૪ | ૧૨૯૨ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૦૦૦ |
| ૪ | તલ કાળા | ૨૫૦૦ | ૨૯૦૦ |
| ૫ | જીરૂ | ૪૫૦૦ | ૬૧૦૦ |
| ૬ | કપાસ | ૧૨૫૧ | ૧૪૮૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૨૧ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૦૪ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૮૦૩ |
| ૧૦ | મગ | ૧૫૦૦ | – |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૨૧૧ |
| ૧૨ | દેશી ચણા | ૧૩૦૦ | ૧૫૪૦ |
| ૧૩ | તુવેર | ૧૬૦૦ | ૧૮૫૧ |
| ૧૪ | એરંડી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | ધાણા | ૧૨૦૦ | ૧૬૭૧ |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૮૩૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૦૦ | ૧૪૭૮ |
| ૨ | મગફળી | ૧૧૭૯ | ૧૨૦૧ |
| ૩ | ઘઉં | ૫૨૪ | ૫૩૬ |
| ૪ | ચણા | ૧૦૨૮ | ૧૨૨૨ |
| ૫ | ધાણા | ૧૦૪૦ | ૧૨૯૦ |
| ૬ | તુવેર | ૧૫૭૦ | ૧૮૦૦ |
| ૭ | સોયાબીન | ૭૭૯ | ૮૨૧ |
| ૮ | જીરૂ | ૪૨૮૫ | ૫૭૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૯૭૦ | ૧૧૬૬ |
| ૩ | ચણા સફૈ | ૧૩૦૦ | ૧૩૩૪ |
| ૪ | તુવેર | ૧૧૦૦ | ૧૮૧૮ |
| ૫ | રાય | ૯૦૦ | ૧૦૯૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૧ | ૫૧૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૮૦ |
| ૮ | ધાણા | ૮૮૦ | ૧૧૫૦ |
| ૯ | સોયાબીન | ૮૦૦ | ૮૪૦ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૭૪૯ |
| ૧૧ | લસણ | ૩૦૦૦ | ૩૪૧૦ |
| ૧૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૯૫૦ |
| ૧૩ | રાયડો | ૮૦૦ | ૮૭૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૧૬ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૧૨૧ |
| ૩ | ઘઉં | ૪૪૦ | ૫૨૫ |
| ૪ | ચણા | ૧૧૫૧ | ૧૧૬૦ |
| ૫ | તુવેર | ૧૫૭૫ | ૧૬૦૧ |
| ૬ | સોયાબીન | ૮૩૪ | ૮૩૫ |

### ધારાસભ્ય જનકભાઈ તળાવિયા દ્વારા

# ધ્રુફણીયા ખાતે ગાવ ચલો અભિયાન અંતર્ગત ઘરે ઘરે જઈ સ્ટીકર લગાવાયા

### સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી અપાઈ



અમરેલી, તા. ૧૫

ભારતીય જનતા પાર્ટીના ગાવ ચલો અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લાભરમાં જન સંપર્ક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે લાઠી તાલુકાના ધ્રુફણીયા ગામે જઈ ધારાસભ્ય જનકભાઈ તળાવિયા અને કાર્યકર્તાઓ દ્વારા ઘરે ઘરે સંપર્ક કરી યોજનાકીય સિદ્ધીઓની પત્રિકા તેમજ સ્ટીકરો લગાવવામાં આવ્યા હતા. અને કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ તમામ કામગીરી તેમજ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

### સાંસદ રૂપાલાની પ્રેરણા અને માર્ગદર્શનથી

# અમરેલીનાં ગજેરા કેમ્પસ ખાતે સાંસદ ખેલ સ્પર્ધાનો પ્રારંભ થયો

### ખેલાડીઓનાં ઉજજવળ ભવિષ્ય માટે ઉત્તમ આયોજન



અમરેલી, તા. ૧૫

શ્રીમતી શાતાંબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં આજરોજ તારીખ :- ૧૫/૦૨/૨૦૨૪ થી તારીખ :- ૨૬/૦૨/૨૦૨૪ સુધી સાંસદ પરશોતમભાઈ રૂપાલાના પ્રેરણા અને માર્ગદર્શનથી અમરેલી જિલ્લાના દરેક તાલુકામાં 'સાંસદ ખેલ સ્પર્ધા' નું ભવ્ય આયોજન કરવામાં આવી રહયું છે. જેમાં અમરેલી જિલ્લામાં શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ અમરેલી ખાતે યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓમાં રમત પ્રત્યે રૂચિ કેળવાય અને શારીરિક અને માનસિક રીતે ભારતના ભાવિ નાગરિકો સ્વસ્થ અને મજબૂત બને તેમજ વિદ્યાર્થીઓમાં શિસ્ત, ખેલદીલીની ભાવના સમૂહભાવના વગેરે ગુણોનો વિકાસ થાય, દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે પોતાનું યોગદાન આપી શકે તેવાં ઉમદા હેતુથી સાંસદ ખેલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે અમરેલી અમરડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, અમરેલી નગરપાલીકાના પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, અમરેલી તાલુકા ભાજપના પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસીયા, અમરેલી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ધીરૂભાઈ વાળા, અમરેલી તાલુકા પંચાયતના ચેરમેન જયસુખભાઈ દેસાઈ, અમરેલી શહેર ભાજપના પૂર્વ પ્રમુખ બિપીનભાઈ જોષી, ગુજરાત રાજય વ્યાયામ મંડળના પ્રમુખશ્રી મિયાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, આચાર્યો, સુપરવાઈઝરો, શિક્ષક ભાઈ-બહેનો અને વિશાળ સંખ્યામાં આ 'સાંસદ ખેલ સ્પર્ધા' શુભારંભ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમનો શુભારંભ આમંત્રિત મહેમાનોના વરદ હસ્તે દિપ પ્રાગટયથી થયો હતો. મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે અમરેલી તાલુકા કક્ષાની સાંસદ ખેલ સ્પર્ધા શુભારંભ પ્રસંગે મહેમાનનું સ્વાગત કરતાં અત્યંત હર્ષની લાગણી અનુભવું છુ. પ્રમુખ વસંતભાઈ ગજેરા હંમેશા વિદ્યાર્થીઓ રમતના ક્ષેત્રેમાં આગળ વધે તે માટે હંમેશા પ્રયત્નશીલ છે. વિદ્યાર્થીઓ આ શાળાના મેદાનમાં વિવિધ રમતોની ટ્રેનિંગ લઈ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ અનેક મેડલ મેળવી શાળા પરિવાર તથા અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતાં અમરડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ જણાવ્યું હતુ કે સૌરાષ્ટ્ર રમશે તો ગુજરાત જીતશે અને ગુજરાત રમશે તો ભારત જીતશે તેમ કહી વિદ્યાર્થીઓને ખેલ પ્રત્યે જોમ અને જુસ્સાથી રમવાનું આહ્વાન કર્યુ હતું.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં વસંત પંચમીની ઉજવણી કરાઈ







અમરેલી, તા. ૧૫

આજ રોજ તાઃ૧૪/૦૨/૨૦૨૪ ના રોજ વસંત પંચમી, સરસ્વતી પૂજન તેમજ શિક્ષાપત્રી પ્રાગટય દિવસે સંસ્થામાં ત્રિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સંસ્થાના ધો-૧૨ સુધીના બધા જ વિદ્યાર્થીઓ,શિક્ષકોએ શાળાનાં સંચાલક દિપકભાઈ વઘાસીયાની પ્રેરક હાજરીમાં સુંદર કાર્યક્રમનું આયોજન કરેલ હતું. તેમજ શિક્ષક મિત્રો દ્વારા આજના દિવસે સરસવતી પૂજન કરવામાં આવેલ. સરસ્વતી વંદના માટે શિક્ષણ ક્ષેત્રે બદલાતા સમય સાથે આપણી ટેકનોલોજી ની નજીક અને પ્રકુતિથી દુર થતાં જઈએ છીએ તે બાબતને સાથે લઈ શાળાના સંચાલક દિપકભાઈ વઘાસીયાએ પ્રકૃતિનું મહત્વ અને "વસંત એ સુષ્ટિનું યૌવન છે અને યૌવનએ જીવનની વસંત છે".એટલે આજે જીવન ખીલવવાનો ઉત્સવ છે તે બાબતે રસમય શૈલીમાં સુંદર પ્રવચન આપેલ અને આપણો એ વેદકાલીન પર્વ છે તે સમજાવ્યું હતું.

શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ વસંતના વધામણા ના ગીતો ગાયા હતા અને કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો હતો.

## માંસાહાર એટલે સર્વનાશાહાર



માંસાહાર ત્યાગ કરવું ખુબ જરૂરી છે. પૃથ્વી પર વસતા કોઈપણ જીવને મરવું ગમતું નથી. પશુ - પક્ષીઓનાં મટન માટે એટલે કે નોનવેજ માટે તેમને, તેમના મૂક પણ અંત્યત પીડાદાયક વિરોધ વચ્ચે મારવા પડે છે. એટલે કે "મીર ઈઝ મર્ડર", પૃથ્વીનાં તમામ શકિતશાળી અને બુધ્ધીશાળી પ્રાણીઓ (જેવા કે, હાથી, હીપોપોટેમસ, ગેંડો,જીરાફ,ગાય વિગેરે) વેજીટેરીયન છે જેથી કહી શકાય કે માંસાહારથી પોષણ અને તાકાત મળે તે વાત સાવ ખોટી છે.સમગ્ર વિશ્વનાં લોકો અત્યારે ભારતીય સંસ્કૃતિની ગરીમા સ્વરૂપ કહી શકાય તેવી પરંપરા શાકાહાર અને યોગ તરફ વળી રહ્યાં છે, વેજીટેરીયન અને વિગન થઈ રહયાં છે ત્યારે કમનસીબે આપણા યુવાનો પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી પતનના માર્ગે જઈ કરોડો અબોલ જીવોની ક્રુર હત્યામાં નિમિત બની રહયાં છે તે આપણી કમનસીબીની પરાકાષ્ટા છે. અત્યારનું વિજ્ઞાન પણ પુરવાર કરી ચુકયું છે કે માંસાહાર અનેક રોગોનું જનક છે. તેનાથી શરીરને પારાવાર નુકસાન થાય છે જયારે શાકાહારથી સંપૂર્ણ નીરોગી અને લાબું આયુષ્ય પ્રાપ્ત થઈ શકે છે. "જેવું અન્ન તેવું મન" નું સુત્ર સુચવે છે કે "જેવો આહાર તેવો વ્યવહાર".માસાહારનું પ્રમાણ જેટલું વધે એટલા પ્રમાણમાં ઈકો સીસ્ટમ ખોરવાઈ અને પરિણામ સ્વરૂપે અધોગતી, કુદરતી આફતો, ભૂંકપ - પૂર - કોરોના જેવી બીમારીઓ કે વીનાશ સર્જાતાં હોવાની નકકર હકીકતો જાણવી અને જણાવવી તે દરેક જાગૃત માનવીની જવાબદારી છે. પોતાની ખાતર નહી તો છેવટે ભાવી પેઢીના કલ્યાણ ખાતર આ ફરજ બજાવવી અનિવાર્ય છે.

### કે.કે. પારેખ કોમર્સ કોલેજનાં એન.સી.સી. યુનિટ દ્વારા

# અમરેલી ખાતે પુલવામાં આતંકી હુમલામાં શહીદ થયેલ જવાનોને શ્રધ્ધાંજલિ પાઠવાઈ

### ૪૦ વીર સપૂતોનાં બલિદાનને યાદ કરાયુ



અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે.પારેખ કોમર્સ કોલેજમા ચાલતા એન.સી.સી.યુનિટ દ્વારા પુલવામામાં ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ૪૦ વીર સપૂતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ તકે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.એમ.એમ. પટેલ, વાઈસ પ્રિન્સિપાલ ડો.એ.કે.વાળા, એન.સી.સી. ઓફિસર પ્રા.વિલ્સન વસાવા, એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર પ્રા.જે.એમ.તલાવીયા અને પ્રા.વાય.એચ.ઠાકર ઉપસ્થિત રહ્યા હતા તેમ આઈ.ક્યુ.એ.સી. કો.ઓર્ડીનેટર પ્રા.ભારતીબેન ફીણવિયાએ જણાવ્યું હતું.

# લીલીયા : ૧૦૮ દ્વારા ટ્વિન્સ બાળકોની ૧૦૮ એમ્બ્યુલન્સમાં નોર્મલ પ્રસૂતિ કરાવાઈ



અમરેલી, તા. ૧૫

લીલીયા તાલુકાના પિપળવા ગામની વાડી વિસ્તારમાં મજૂરી કરતા પરપ્રાંતિય પરિવારના સહિદાબેન ગોરધનભાઈ ભાભોર ઉંમર વર્ષ ૨૫ પ્રસુતિની અસહ્ય પીડા ઉપડતાં તેમના પતિ ગોરધનભાઈ દ્વારા ૧૦૮ ઈમરજન્સીને મદદ માટે કોલ કરેલ. લીલીયા ૧૦૮ એમ્બ્યુલન્સ પીપળવા ગામ જવા રવાના થઈ. ઈએમટી દિલીપ ચિત્રોડા તથા પાઈલોટ શૈલેષભાઈ ખોરસિયા જરૂરી મેડિકલ સાધનો લઈ સ્થળ પર પહોંચી દર્દીની તપાસ કરતા દર્દીને અસહ્ય પ્રસુતિનો દુઃખાવો હતો તથા સોનોગ્રાફી તપાસકર્તા સહિદાબેનને ટવિન્સ બાળકો હતાં. તરત દર્દીને જરૂરી સ્ટ્રેચરમાં લઈ એમ્બ્યુલન્સમાં લઈ અમરેલી તરફ રવાના કરવામાં આવી. દર્દી ને પ્રસૂતિની અસહ્ય પીડા ઉપડતાં ૧૦૮ ના સ્ટાફ ઈએમટી દિલીપ ચિત્રોડાએ અમદાવાદ હેડ ઓફિસમાં ડોકટરના માર્ગદર્શન હેઠળ એમ્બ્યુલન્સમાં જ બે બાળકોની નોર્મલ પ્રસૂતિ કરાવી હતી. ડિલિવરી સમયે એક બાળકના ગળામાં નાળ વિટળાય ગયેલ હોવાથી બાળક રડયું ન હોય તાત્કાલીક અમદાવાદ ઓફિસમાં રહેલા ડોકટરની સલાહ પ્રમાણે કૃત્રિમ શ્વાસ આપી બેબી કેર, ઓકિસજન આપી બાળકનો જીવ બચાવેલ અને માતા અને બન્ને બાળકોને સારવાર સાથે અમરેલી હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. અને માતા અને બન્ને બાળકનો અમૂલ્ય જીવ બચાવેલ. તેમના સગા સંબંધીઓએ ૧૦૮ ના કર્મચારીનો આભાર માન્યો હતો. તથા ૧૦૮ ઈમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી અને જિલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલા દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ લીલીયા ૧૦૮ના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. અમરેલી જિલ્લાની ૧૦૮ એમ્બ્યુલન્સ કોઈ પણ કટોકટી માટે તૈયાર છે. કોઈ બનાવ કે ઈમરજન્સી બને તો તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી નો સંપર્ક કરવા વિનંતી કરી છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમદાવાદમાં છે, લગનીયા હનુમાન...!! અહીં હનુમાનજી પ્રેમીઓના લગ્ન કરાવે છે

(પ્રતાપ ખુમાણ, સાવરકુંડલા દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૫

જયારે પરિવારના સભ્યો સાથ આપતા નથી, ત્યારે યુગલો મૂંઝવણમાં મૂકાય છે. લગ્ન કેવી રીતે કરવા અને લગ્નની કાયદેસર રીતે નોંધણી કેવી રીતે કરવી, આ બાબતો તેમને પરેશાન કરે છે. 'લગનિયા હનુમાન' આવા પરેશાન પ્રેમીઓને મદદ કરે છે. અમદાવાદમાં આ નામનું એક મંદિર છે જે પ્રેમીઓમાં પ્રખ્યાત છે. એકબીજાના જીવન સાથી બનવા માટે ઘરેથી ભાગી ગયેલા યુગલો અહીં આવીને લગ્ન કરે છે. અત્યાર સુધી આ મંદિરમાં ૧૦,૦૦૦થી વધુ યુગલોના લગ્ન થઈ ચૂકયા છે.આ મંદિરમાં લગ્ન માટે દરેક પ્રકારની સુવિધા છે. દર વર્ષે વેલેન્ટાઈન ડે પર લગ્ન કરવા ઈચ્છુક યુગલોની ભીડ જોવા મળે છે. હનુમાનજીએ પોતે લગ્ન નથી કર્યા, તેમના ચૂસ્ત ભકતો પણ બ્રહ્મચર્યનું પાલન કરે છે, પરંતુ પ્રેમી યુગલોમાં પ્રખ્યાત આ મંદિર એક અપવાદ છે. અહીં હનુમાનજીની સામે પ્રેમી યુગલ જીવનભર સાથે રહેવાના શપથ લે છે. નવાઈની વાત એ છે કે આ મંદિરમાં ગૌ કપલ્સે લગ્ન પણ કર્યા છે. આ મંદિરમાં પ્રેમીઓના લગ્ન કરાવવાનો સમગ્ર શ્રેય પૂજારી હીરાભાઈ જગુજીને જાય છે. તેણે કહ્યું, 'ભૂકંપ પછી મેં એવા કપલ્સને મદદ કરવાનું શરૂ કર્યુ જેઓ લગ્ન કરવા માગતા હતા. આ મંદિર યુગલો માટે ૨૪ કલાક ખુલ્લું રહે છે. ઘણી વખત, મેં રાત્રે ૩ વાગ્યે પણ લગ્ન કર્યા છે. યુગલોને કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે અમે ફોટોગ્રાફરની પણ રાહ જોઈએ છીએ. અહીં આવતા યુગલોએ એક ફોર્મ ભરવાનું હોય છે. મેરેજ સર્ટિફિકેટ માટે તેમના આઈ.ડી.પ્રૂફ લેવામાં આવે છે અને કોર્પોરેશન ઓફિસમાં જમા કરાવવામાં આવે છે. બાદમાં તેઓ લગ્નનું પ્રમાણપત્ર મેળવે છે. અમે ખાતરી કરીએ છીએ કે મંદિર લગ્ન કાયદેસર રીતે માન્ય છે. મંદિરના પૂજારી પ્રેમીઓમાં વેલેન્ટાઈન બાબા તરીકે પ્રખ્યાત છે..!! તેઓ છેલ્લા ૧૫ વર્ષથી પ્રેમીઓના લગ્ન ગોઠવી રહ્યા છે.




# અમરેલીના બાબાપુર ખાતે 'અજવાળાનો ઉત્સવ' કાર્યક્રમ યોજાયો









ધારી નિવાસી અબ્બાસભાઈ કપાસીની પાવન સ્મૃતિમાં, એમના પુત્ર શબ્બીરભાઈ (હાલ શિકાગો અમેરિકા) ના જન્મદિવસ નિમિત્તે માતુશ્રી ખતિજાબેનના હસ્તે સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર સંસ્થાને બે જનરેટર અર્પણ કરવામાં આવ્યા એના ઉપલક્ષમાં સંસ્થાના નિયામક મંદાકિનીબેના માર્ગદર્શનમાં ' અજવાળાનો ઉત્સવ' કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત સર્વોદય સરગમ ગ્રુપના ગીતથી કરવામાં આવી હતી..સંસ્થાના મંત્રી મોહનભાઈ વાળા દ્વારા સંસ્થા પરિચય તથા કાર્યક્રમ વિશે માહિતી આપી સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. જનરેટરનું ઉદ્ઘાટન પૂજય ખતીજાબેનના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વતનપ્રેમી શબ્બીરભાઈના પરિવારજનો હાજર રહ્યા હતા.જાણીતા કવિ કૃષ્ણભાઈ દવે દ્વારા પ્રાસંગિક,ચોટદાર કાવ્યોની ભાવવાહી રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર દાતા પરિવારનું સંસ્થા દ્વારા સ્મૃતિચિહ્ન અર્પણ કરી, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અમારી સંસ્થાના નિયામક આ મંદાકિનીબેન પુરોહિતે જણાવ્યું હતું કે જનરેટર અર્પણથી પૂ. હસુમતીબાનું ૭૫ વર્ષનું સ્વપ્ન આજે પૂરૂ થયું છે. અંતે નસીમબેન દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતુ.કાર્યક્રમનું સંચાલન પોસ્ટ બેઝિક હાઈસ્કૂલ બાબાપુરના સિનિયર શિક્ષક હરગોવિંદભાઈ પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## જનતા જનાર્દનનાં પરસેવાનાં લાખો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ

# કુંડલા શાકમાર્કેટનું કલ્યાણ થયું ને હવે સાવરની શાકમાર્કેટમાં ધ્યાન આપો

- સાવર વિસ્તારની શાકમાર્કેટનો ઉપયોગ ગૌશાળાનાં સંચાલકો દ્વારા ગોબર ભરવા માટે કરવામાં આવી રહ્યો છે
- પાલિકાનાં શાસકોએ શાકમાર્કેટની સ્વચ્છતા અને સુવિધામાં વધારો કરીને લોકોપયોગી બનાવવા માંગ
- શાકમાર્કેટ કાર્યરત થાય તો માર્ગમાં રેંકડી રાખીને વ્યવસાય કરનારને જગ્યા ફાળવવી જોઈએ
- શહેરીજનોને સુવિધાસભર શાકમાર્કેટની સુવિધા આપવી તે પાલિકાનાં શાસકોની જવાબદારી




**(પ્રતાપ ખુમાણ દ્વારા)**
સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલામાં લાખો રૂપિયાના જનતાના પૈસે બનાવેલ શાક માર્કેટ બિલ્ડીંગનો ગેરકાયદે ઉપયોગ ગૌશાળાના સંચાલકો દ્વારા છાણ, મૂત્ર, કચરો, ખાતર ભરવાના ગોદામ તરીકે કરવામાં આવી રહ્યો છે, જાણે જનતાના પૈસાનો કચરો થઈ ગયો છે. આ બિલ્ડીંગ ખાસ શાક માર્કેટ માટે જ પ્લાનિંગથી બનાવવામાં આવેલ હોવાથી અત્યંત સુવિધાયુક્ત બિલ્ડીંગ છે. ત્યારે લાખોના ખર્ચે બનેલા આ બિલ્ડિંગનો ગંદકી ભરવાના ડમ્પીંગ સ્ટેશન તરીકે ખુલ્લેઆમ ઉપયોગ થઈ રહ્યો છે અને સત્તાવાળાઓ ખુલ્લી આંખે જોઈ રહ્યા છે. શાક માર્કેટના બિલ્ડિંગમાં ગંદકી ભરવાને કારણે આસપાસના રહેવાસીઓ મચ્છરો અને ભયંકર દુર્ગંધથી ત્રાહિમામ પોકારી ચૂકયા છે. વળી આ શાક માર્કેટને સારાએ સૌરાષ્ટ્રમાં જેમનું નામ સુપ્રસિદ્ધ છે એવા સંત શ્રી ભોજલરામ બાપાનું નામકરણ કરવામાં આવેલ છે. ત્યારે અહીંથી પસાર થતાં હજારો શ્રદ્ધાળુઓની ધાર્મિક લાગણી પણ દુભાય છે. ત્યારે

**અનુસંધાન પાના ૬ ઉપર**









## રાજયસભાનાં ભાવિ સાંસદ નાયબ દંડકનાં કાર્યાલયમાં



લાઠીનાં દુધાળાનાં વતની અને સુરત સ્થિત ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકીયાએ રાજયસભાનાં સાંસદ તરીકે ઉમેદવારી રજૂ કરવા ગાંધીનગર પહોંચ્યા હતા. જયાં તેઓએ અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાની કચેરીની મુલાકાત લીધી હતી. આ તકે કૌશિક વેકરિયા, સાંસદ કાછડીયા, જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભરત સુતરીયા સાથે જોડયા હતા.






*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)